વર્ષ : ૪૦ ✦ અંક : ૮
ઓગસ્ટ - ૨૦૧૬

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

## આધ્યાત્મિક મુખપત્ર



સંસ્થામાં યોજાયેલ પ્રતિષ્ઠા મહોત્સવ વેળાએ બિરાજિત શાંતિપ્રદાતા પાવનકારી
શ્રી ચંદ્રપ્રભુ, શ્રી શાંતિનાથ તથા શ્રી મહાવીર પ્રભુની પરમ વીતરાગ પ્રતિમાજી

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફૅક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થાના જિનમંદિર તથા સ્વાધ્યાયહોલમાં પ્રતિમાજીના સ્થાપના મહોત્સવ વેળાએ (તા. ૧૯-૭-૨૦૧૬)












-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ............ શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) પર્વાધિરાજ પર્યુષણ પર્વ ..... પૂ.શ્રી આત્માનંદજી ..... ૭

(૩) ક્રોધને ઓળખીને ક્ષમાનો સાક્ષાત્કાર કરીએ .... ....................... ડૉ. કુમારપાળ દેસાઈ ... ૧૦

(૪) આત્મકલ્યાણની શ્રેણીનું પર્વ ................. ....................... પ્રા.ચંદાબહેન પંચાલી ... ૧૩

(૫) પર્યુષણ પર્વની આરાધના ....... પૂજ્ય બહેનશ્રી ... ૧૭

(૬) શ્રી ભક્તામર સ્તોત્ર .....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૧૯

(૭) સમ્યક્‌જ્ઞાન .................બા.બ્ર.શ્રી સુરેશજી ... ૨૩

(૮) પર્યુષણ પર્વ - આપણું લક્ષ્ય શું ? ........... ........................ શ્રી વલભજી હીરજી ... ૨૫

(૯) અલૌકિક પર્વ ............શ્રી વિભાબેન મહેતા ... ૨૬

(૧૦) પર્વાધિરાજ આપે મુક્તિના રાજ ............. ........................ શ્રી પારૂલબેન ગાંધી ... ૨૮

(૧૧) भाद्रपद और पर्युषण पर्व ............................... ............................પૂ.श्री विरागसागरजी महाराज...... ૩૦

(૧૨) જીવનકળા : દિવાળી પુસ્તિકા ..................... ૩૩

(૧૩) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૫



**વર્ષ : ૪૦ ઓગસ્ટ, ૨૦૧૬ અંક - ૮**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪, ફેક્સ:(૦૭૯)૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org, www.shrimadkoba.org



**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**


એક કહેવત છે કે 'જાગ્યા ત્યારથી સવાર'. આ વાત પરમાર્થ વિષે સાચી છે, પરંતુ સંસારમાં તો મોટાભાગે 'જાગ્યા ત્યારથી સમસ્યા' જ હોય છે. અરે ! સમયના પ્રમાણમાં સમસ્યા વધુ હોય છે. કેટલીકવાર તો કઈ સમસ્યાને પ્રાધાન્ય આપવું તે પણ નક્કી થઈ શકતું નથી. આગળના અધૂરા કાર્યો પૂરા કરવાના હોય છે. તે ઉપરાંત દૈનિક કાર્યો, વ્યવહારના કાર્યો, સ્વજનો, શરીર, સંકલ્પ-વિકલ્પના પ્રતિબંધો વગેરેથી છૂટીને આત્મા ક્યારે શાંતિ પામે એ જ સૌથી મોટી સમસ્યા છે. જ્યારે કોઈ ઉપાય ન જણાય ત્યારે આપ જ અમને યાદ આવો છો. કોઈ પકડવા માટે પાછળ પડ્યું હોય અને સામેથી કોઈ બચાવનાર મળી જાય તો તેને જોતાં જેવી લાગણી થાય તેવી જ લાગણી આપના નામસ્મરણથી થાય છે, દર્શનમાત્રથી થાય છે, આપની સાથે દૃષ્ટિનું અનુસંધાન થવાથી થાય છે. સમસ્યાઓ બધી ભૂલાઈ જાય છે અને એક પ્રકારની રાહતનો અનુભવ થાય છે. અંતરમાંથી ઉદ્ગાર સરી પડે છે –

''ખૂબ મળ્યો પ્રભુ ! ખૂબ મળ્યો,
મુજ આતમનો આધાર મળ્યો,
ભવસાગરમાં ભમતાં ભમતાં, હૈયાનો એકતાર મળ્યો.
અનંતકાળથી હું આથડતો, કોઈ નહીં આધાર મળ્યો,
ડૂબતી મારી નૈયાનો તું, સાચો ખેવનહાર મળ્યો.
રાગ-દ્વેષ ને મોહભર્યા આ સંસારે સુખધામ મળ્યો,
ઉપાધિમય મુજ જીવનમાં, દિલને એક વિશ્રામ મળ્યો.''

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક - ૧૨૮

**વવાણિયા, પ્રથમ ભાદ્ર. સુદ ૬, ૧૯૪૬**

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઇ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

"ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી

પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.''

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

''એ કંઇ ખોટું છે ?'' શું ?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ?

લઈ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઈએ મલીશું.

એ જ વિજ્ઞાપન.

વિ૰ રાયચંદના યથાયોગ્ય.

● ● ●

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : ઉપસર્ગ અને પરિષહપ્રધાન જૈન કથાનકો**

**સંપાદક :** શ્રી ગુણવંત બરવાળિયા, **પૃષ્ઠ :** ૨૧૪, **આવૃત્તિ :** પ્રથમ, જૂન ૨૦૧૬, **મૂલ્ય :** રૂ. ૨૦૦

**પ્રકાશક :** શ્રી સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન - ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર, મેવાડ પાટણવાલા એસ્ટેટ, એલ.બી.એસ.રોડ, ઘાટકોપર (વે), મુંબઈ - ૪૦૦૦૮૬

ફોન (૦૨૨) ૪૨૧૫૩૫૪૫

ઉપરોક્ત સંસ્થા દ્વારા ઓક્ટોબર ૨૦૧૫માં ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે જૈન-સાહિત્ય જ્ઞાનસત્ર-૧૩ દરમિયાન જૈન વિદ્વાનોએ ઉપસર્ગ અને પરિષહ પ્રધાન જૈન કથાનકો વિષય અંતર્ગત શોધપત્રો રજૂ કર્યા હતા તે નિબંધો/શોધપત્રોનું સંકલન કરવામાં આવ્યું છે.

**[૨] પુસ્તકનું નામ : જૈન દર્શન અને ગાંધી વિચારધારા**

**સંપાદક :** શ્રી ગુણવંત બરવાળિયા, **પૃષ્ઠ :** ૧૮૬, **આવૃત્તિ :** પ્રથમ, જૂન, ૨૦૧૬

**મૂલ્ય :** રૂ. ૨૦૦/- ● **પ્રકાશક :** ઉપર મુજબ

આ પુસ્તકમાં જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૩ દરમિયાન 'જૈન દર્શન અને ગાંધી વિચારધારા' વિષય અંતર્ગત વિદ્વાનોએ રજૂ કરેલા શોધપત્રોનું સંકલન કરવામાં આવ્યું છે.

---

**સુધારો :** ગત અંકમાં 'અનુસ્વારની આંખે, જોડણીની પાંખે, વિરામચિહ્નની સાખે' પુસ્તક અંતર્ગત પ્રાપ્તિસ્થાનોમાં શ્રી મિતેશભાઈ શાહનો ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬ સુધારીને વાંચવા વિનંતી.

# પર્વાધિરાજ પર્યુષણ પર્વ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



સમસ્ત જૈન સમાજને માટે મંગલદાયક એવા પ્રથમના ૮ અને પછીના ૧૦ મળી કુલ ૧૮ દિવસના હિતકારી દિવસોનું શું મૂલ્ય છે, અને આપણા જીવનને ફળદાયી વળાંક આપવા આપણું શું કર્તવ્ય છે, તે પર્યુષણના માંગલિક દિવસોમાં વિચારવું ઇષ્ટ થશે.

શીર્ષકના ત્રણ શબ્દોનો ઊંડો વિચાર કરીશું તો આપણને ઇચ્છિત માર્ગદર્શન મળશે. સૌપ્રથમ આપણે 'પર્વ'નો અર્થ સમજીએ. શબ્દકોષમાં 'પર્વ'ના બે અર્થ આપ્યા છે : તહેવાર અને પવિત્ર દિવસ. આપણે પર્વને 'તહેવાર'ના અર્થમાં લેતા નથી. 'તહેવાર'નો અર્થ 'ઉત્સવ કે ખુશાલીનો દિવસ', એ રીતે થાય છે. સારાં કપડાં પહેરવાં, સારું ખાવું-પીવું, મિત્રો અને સ્નેહીઓની સાથે મજા કરવી વગેરે. તેનો ઉપયોગ બહુધા કરવામાં આવે છે, પણ આપણે પર્યુષણ પર્વમાં આવું કરતાં નથી. આપણે મન તો આ પવિત્ર દિવસો છે. પર્યુષણને પર્વાધિરાજ કહેલ છે. અધિરાજ એટલે સમ્રાટ. પર્યુષણ આપણા પર્વોમાં અધિરાજ છે. પર્વોના અધિરાજ એવા પર્યુષણમાં શું કરવા યોગ્ય છે તેનો સંપૂર્ણ વિચાર કરી તે પ્રમાણે આચરણ કરીએ તો જ આ પર્વાધિરાજનું માહાત્મ્ય જળવાઈ શકે.

'પર્યુષણ' શબ્દ બે શબ્દોનો બનેલો છે : પરિ + ઉષણ. પરિ = ચારે બાજુએ, ઉષણ = બેસવું તે. ચારે બાજુથી સ્થિર થવું તે. કર્મના ઝંઝાવાતથી આમતેમ ઘસડાતા જીવે આ આઠ દિવસ જેટલા બને તેટલા આરંભ-સમારંભનો ત્યાગ કરી મન, વચન અને કાયાને આત્માની આરાધનામાં લગાડવાનાં છે. મન, વચન અને કાયાને ચારે બાજુએથી ગોપવી આત્મામાં સ્થિર કરવાની આરાધના આ પવિત્ર દિવસોમાં કરવાની છે. સમ્યગ્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની આરાધના થાય તે રીતે આપણું જીવન ગોઠવવાનું છે. જીવને સ્થિર કરવા સમ્યગ્‌દર્શનને દૃઢ કરવાના આ દિવસો છે. આ માટે આત્માના 'ભાવ' નિર્મળ બને તેવા પ્રયત્નો આદરવાના છે. સમ્યક્‌તપને જૈનદર્શન આગવી પ્રતિષ્ઠા બક્ષે છે. ભાવને નિર્મળ બનાવવા તથા કર્મોની નિર્જરા માટે તપ જેવું અમોઘ શસ્ત્ર એકેય નથી.

જીવમાત્રનું ધ્યેય આનંદની પ્રાપ્તિનું છે. હું સદાકાળ આનંદમાં જ રહું, મને દુઃખ કે અશાંતિનો કિંચિત્ અનુભવ ન થાય તેવી ભાવના સર્વ જીવ ધરાવે છે. આ રૂડી ભાવના પરિપૂર્ણ કરવાનો ચોક્કસ માર્ગ કયો છે, તે જીવે જડતો નથી. પર્યુષણ પર્વમાં સમજપૂર્વકની સર્વતોમુખી આરાધના આ માર્ગ સ્પષ્ટ કરે છે. બાર પ્રકારના તપના સેવનથી કષાયોનો ધીમે ધીમે રકાસ થતાં આત્મા પરમાનંદની ઝાંખી કરે છે અને એક વખત તે ઝાંખી થતાં આત્માને ઇષ્ટ માર્ગની કેડી સાંપડે છે.

પર્યુષણ પર્વમાં કરાતી આરાધના દ્વારા જીવને સાચા માર્ગની કેડી જડી શકે છે, તે નિર્વિવાદ વાત છે. પણ જીવ જો સમજે, પર્યુષણમાં સ્વને કે પરને થતા અનુભવો, નજરે જોવાતા પ્રસંગો તથા ઝિલાતું જ્ઞાન કાંઈક સંદેશ આપે તો જીવને પ્રતીતિ થયા વગર રહેવાની નથી કે જીવે આ આરાધના માત્ર આ ૮ કે ૧૮ દિવસ પૂરતી મર્યાદિત કરવાની નથી. આટલા દિવસ પૂરતી આરાધનાને સીમિત કરવાથી જીવે મેળવેલું કેટલુંક ગુમાવી બેસવાનો ડર રહે છે. આવી આરાધના યથાશક્તિ નિરંતર કરવાથી જ જીવ સાચી કેડી મેળવી શકે ને એક વખત તે કેડી પ્રાપ્ત થઈ તો

પછી જીવને સુખ મેળવવાના બીજા બધા માર્ગો શુષ્ક જણાશે. આરાધના ક્ષણે ક્ષણે કરાતી હોય, પ્રસંગે પ્રસંગે આત્માને જાગ્રત રાખવાની ટેવ પડી જાય તો જીવનદૃષ્ટિ પવિત્ર અને શુદ્ધ બને છે.

ચારેય ગતિના જીવો કોઈની કોઈ રીતે આરાધનાનો પ્રયત્ન કરી શકે છે. નારકીના જીવોમાં, તિર્યંચના જીવોમાં તથા દેવોમાં, કોઈ કોઈ રૂડા જીવો પોતાની શક્તિ પ્રમાણે કાંઈ ને કાંઈ આરાધના કરે છે, પરંતુ મનુષ્યને એક વિશિષ્ટ શક્તિ પ્રભુએ બક્ષી છે : વિવેકબુદ્ધિ. આ વિવેકબુદ્ધિનો યથાયોગ્ય ઉપયોગ મનુષ્યગતિમાં કરીને સાચી આરાધના કરવાનો પર્યુષણ પર્વ અમૂલ્ય અવસર છે.

પર્યુષણ પર્વની આરાધના કેવી રીતે કરવી તેનો નિર્દેશ પરમકૃપાળુદેવે આ રીતે કર્યો છે :

**શ્રી પર્યુષણ આરાધના**

એકાંત યોગ્ય સ્થળમાં, પ્રભાતે : (૧) દેવગુરુની ઉત્કૃષ્ટ ભક્તિવૃત્તિએ અંતરાત્મધ્યાનપૂર્વક બે ઘડી સુધી ઉપશાંત વ્રત. (૨) શ્રુત 'પદ્મનંદી' આદિ અધ્યયન, શ્રવણ. મધ્યાહ્ને : (૧) ચાર ઘડી ઉપશાંત વ્રત, (૨) શ્રુત 'કર્મગ્રંથ'નું અધ્યયન, શ્રવણ, 'સુદૃષ્ટિતરંગિણી' આદિનું થોડું અધ્યયન. સાયંકાળે : (૧) ક્ષમાપનાનો પાઠ, (૨) બે ઘડી ઉપશાંત વ્રત (૩) કર્મવિષયની જ્ઞાનચર્ચા.

રાત્રીભોજન સર્વ પ્રકારનાનો સર્વથા ત્યાગ. બને તો ભાદ્રપદ પૂર્ણિમા સુધી એક વખત આહારગ્રહણ. પંચમીને દિવસે ઘી, દૂધ, તેલ, દહીંનો પણ ત્યાગ. ઉપશાંત વ્રતમાં વિશેષ કાળનિર્ગમન. બને તો ઉપવાસ ગ્રહણ કરવો. લીલોતરી સર્વથા ત્યાગ. બ્રહ્મચર્ય આઠે દિવસ પાળવું. બને તો ભાદ્રપદ પુનેમ સુધી. શમમ્ (પત્રાંક : ૯૪૫)

કૃપાળુદેવના આ આદેશના એકેક શબ્દનો પૂરેપૂરો અર્થ સમજવાની જરૂર છે. પર્યુષણ પર્વની ઉજવણીની સરળ અને ઉપયોગી રીત તેમણે આપણી સમક્ષ રજૂ કરીને મહાન ઉપકાર કર્યો છે.

એકાંત યોગ્ય સ્થળ : એકાંત હોય તો જ સમ્યક્ સાધના થઈ શકે. તેથી તેની ખાસ જરૂર છે. પણ 'એકાંત' શબ્દનો એકલાને માટે 'એકાંત' સ્થળ તેવો નથી. પરંતુ તેવું સ્થળ કે જ્યાં પોતાને ધ્યાન વગેરે માટે એકાંત મળી શકે. યોગ્ય સ્થળ કોને કહેવું ? જે સ્થળે મહાપુરુષોએ તપસ્યા કરી હોય, જ્યાં કોઈ પવિત્ર બનાવ બન્યો હોય તેવું સ્થળ યોગ્ય ગણાય. આવા સ્થળમાં શુભ સ્પંદનો થતાં હોવાથી આત્માને એક પ્રકારની શાંતિ તથા સ્થિરતાનો અનુભવ થાય છે.

આવા યોગ્ય સ્થળે પ્રથમ કાર્ય આત્માને જગતના વ્યવહારોમાંથી ખસેડી આત્મસન્મુખ કરવા માટે બે ઘડીથી ચાર ઘડી સુધી ઉપશાંત વ્રત, ધ્યાન કરવું જોઈએ. આત્મા સ્વ-સ્વરૂપના લક્ષ સહિત જે કાંઈ અધ્યયન કરે યા શ્રવણ કરે - તેનો મર્મ તેનો અંતરમાં ઊતરે. અંતર્મુખ થવા માટે, ધ્યાન ધરવા માટે ગુરુની મૂર્તિનું કે ભગવાનની મૂર્તિનું અવલંબન ઉપકારી બને. બાહ્યવૃત્તિઓમાં ભટકતા મનને સ્થિર કરવા માટે ગુરુનું ચારિત્ર્ય, તેમના જીવનના પ્રસંગો, તેમની ક્ષમા, તેમનું તપ વગેરેનું મનન કરવામાં આવે તો મોહમાયાનાં આવરણો દૂર થાય અને જીવ ધીમે ધીમે આત્મભાવમાં સ્થિર થાય. આત્મા વિશુદ્ધભાવવાળો બને ત્યારે જ શાસ્ત્રાધ્યયન કે શાસ્ત્રશ્રવણથી તે ખરેખર પલ્લવિત બને. શાસ્ત્રાધ્યયન માટે ગુરુદેવે જે ગ્રંથ સૂચવ્યો છે તે 'પદ્મનંદી' ગ્રંથ (વનશાસ્ત્ર) આશરે ૭૦૦ વર્ષ પહેલાં પદ્મનંદિ આચાર્યશ્રીએ લખ્યો હતો અને તેમાં એવાં વચનો સમાયેલાં છે કે જે જીવને વિવિધ રીતે માર્ગદર્શક બની શકે કે પ્રેરણા આપી શકે. આ રસપ્રદ ગ્રંથનું અધ્યયન - શ્રવણ આદિ લગભગ બાર વાગ્યા સુધી ચાલે.

મધ્યાહ્નને, આશરે બે વાગ્યાના સમયે, ચાર ઘડીનું ઉપશાંત વ્રત પ્રબોધેલું છે. લશ્કરી જવાનોને પરેડ ઈત્યાદિ કરાવતાં પહેલાં warming up exercise કરાવાય છે, તેવું આ ઉપશાંત વ્રતનું છે. આત્માને પછી આવતા અધ્યયન માટે સમ્યક્ રીતે તૈયાર

કરવાનું કાર્ય ઉપશાંત વ્રતથી સાધી શકાય છે. ભગવાન મહાવીરની આત્મજાગૃતિપૂર્વકની સાધનાનો વિચાર કરીશું તો તેમની સાધનામાં ધ્યાન મુખ્ય હતું. ધ્યાન સાધનાનું એવું રૂપ છે કે જેમાં જીવ 'કાયાની વિસારી માયા'ની તાલીમ મેળવે છે ને તેમ કરતાં - થતાં સુખદ અનુભવોનો લહાવો માણી શકે છે. આમ, ધ્યાનને ઉચિત રીતે પર્યુષણ પર્વની આરાધનામાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ઉપશાંત વ્રત પછી 'કર્મગ્રંથ'નું અધ્યયન સૂચવ્યું છે. આત્મા કર્મના પાશમાં કેવી રીતે જકડાય છે, તેનું પરિણામ તે કેવી રીતે ભોગવે છે, તે કર્મપાશમાંથી મુક્ત થવા શું કરવું યોગ્ય છે વગેરે જીવ ન જાણે તો આરાધનાનો મર્મ તે પકડી ન શકે અને તે પ્રમાણમાં આરાધના અધૂરી જ રહે. આરાધના આત્મભાવે કરવાની છે. આરાધના આત્મભાવે ન થાય તો તેથી થતા લાભો જીવ ગુમાવે છે. અનાદિ કાળથી આ રીતે થયું છે અને તેનું પુનરાવર્તન ન થાય તે માટે આત્મભાવપૂર્વક આરાધના કરવાનો માર્ગ શીખી લેવો જોઈએ. બીજો ગ્રંથ 'સુદૃષ્ટિતરંગિણી'માં ચારે અનુયોગને ગૂંથેલા છે. કથાવાર્તાઓની પણ તેમાં ગૂંથણી કરીને, તે વધુ બોધપ્રદ અને રસપ્રદ બને તેવો તેના કર્તાનો શ્રુતપ્રેમ ખરેખર પ્રશંસનીય છે.

આશરે પાંચ વાગ્યા સુધીનો ઉપરનો કાર્યક્રમ પૂરો થતાં થોડી વિશ્રાંતિ બાદ સાંજનો ઉપાસનાક્રમ શરૂ થાય છે. સંધ્યા સમયે પ્રતિક્રમણનું સૂચન છે. જીવને કર્મબંધન થવાનાં જે જે દ્વાર છે તેમાંથી પ્રવેશેલા કર્મનું પ્રાયશ્ચિત્ત કરવાની તે ક્રિયા છે. કર્મબંધનદ્વારની યાદી સંભારી તે માટે ક્ષમાપના ઇચ્છી જીવ હળવો થાય છે. ક્ષમાપના પછી તરત જ સૂચવેલા બે ઘડીના ઉપશાંત વ્રતમાં ક્ષમાપનાનાં આંદોલનો જીવતાં હોવાથી તેની વધુ સૂક્ષ્મ વિચારણા કરવાનો ઉપશાંત વ્રતમાં અવસર સાંપડે છે. આથી આત્મા વધુ હળવો બને છે ને તેથી આનંદનો અનુભવ કરે છે.

સ્વનું અધ્યયન, સ્વનું ચિંતન, સ્વનું સ્ફુરણ, તેને અન્ય મુમુક્ષુઓના અધ્યયન, ચિંતન અને સ્ફુરણ સાથે સરખાવવાનો અવસર મળે તો તેમાંથી ઉદ્ભવેલા ભાવ વધુ દૃઢ થાય. રાત્રિના શાંત અને આરામપ્રદ સમયે કર્મવિષયની અને અન્ય જ્ઞાનવાર્તાઓ દ્વારા કર્મના બંધનમાંથી મુક્ત થવાના સરળ માર્ગોની સમજણ ખીલે છે ને વ્યવહારમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેની સૂઝ આવે છે. એ યાદ રાખવું ઘટિત છે કે અંતરની જેટલી શ્રદ્ધા અને શુદ્ધિ હશે તેટલી આ ચર્ચા સફળદાયી નીવડશે.

આ જ્ઞાનયજ્ઞ, આ સમાધિભાવ યથેષ્ટ બને તે માટે તપનું યથાશક્તિ પાલન કરવું જોઈએ. શરીરશુદ્ધિ, શરીરમાં સાત્ત્વિકતા વધે તેવા આહારવિહારની યોજના મુમુક્ષુને માટે ઇષ્ટ છે. અત્રે બતાવેલી યોજના પર્યુષણ પર્વ માટે ખાસ ઉપયોગી છે. ૐ શાંતિઃ

■ ■ ■

## 'વાવશો તેવું લણશો'

**- રચયિતા : કમલ સુથાર**

વાવશો તેવું લણશો.
બાવળીયાનાં બીજ વાવીને, કેરી ક્યાંથી ચાખશો ? વાવશો૦
માન આપશો તો માન જ મળશે,
અપમાને અપમાન પામશો. વાવશો૦
પાપ કરશો તો નરક જ મળશે,
દાન-પુણ્યે સ્વર્ગ પામશો. વાવશો૦
રાજ-પાટ-ધન દૌલત બધુંય અહીંયા જ રહેશે,
મૃત્યુ પામે સાથે શું લઈ જાશો ? વાવશો૦
સદ્ગુરુકૃપા-આશિષે મોક્ષ જ મળશે,
અજ્ઞાન-અંધાકારે સંસાર સાગરે અટવાશો, વાવશો૦
મહામૂલા આ માનવદેહને એળે જવા ન દેશો,
પ્રભુકૃપા-આશિષે સુખ-સમૃદ્ધિ-મોક્ષ પામશો. વાવશો૦

# ક્રોધને ઓળખીને ક્ષમાનો સાક્ષાત્કાર કરીએ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

પર્વાધિરાજ પર્યુષણ પર્વની પરાકાષ્ઠા છે સાંવત્સરિક ક્ષમાપના. પણ એ તરફ જતાં પૂર્વે ક્રોધ, આવેશ કે ગુસ્સા વિશે વિચારવું આવશ્યક જ નહીં, બલ્કે અનિવાર્ય છે. ભીતરમાં છૂપાયેલાં ક્રોધના સાચા સ્વરૂપને જાણીએ, તો જ ઉચિત ક્ષમાપના થઈ શકે. આજના યુગના માનવીને ચાલીસ ટકા શારીરિક અને સાઈઠ ટકા માનસિક કારણોથી રોગો થતાં હોય છે. આ માનસિક રોગોમાં પણ સૌથી મુખ્ય છે ક્રોધ, જે વ્યક્તિના મનને અને તનને બંનેને દૂષિત અને નષ્ટ કરે છે.

આજથી હજારો વર્ષ પૂર્વે ક્ષમાનો મહિમા કરતા જૈનદર્શને ક્રોધના કષાયને બરાબર ઓળખી લીધો હતો અને એથી જ એણે ક્રોધની ઘણી ઊંડી સમીક્ષા અને ચિકિત્સા કરી છે. આજે ક્રોધનાં જુદાં જુદાં સાત સ્વરૂપો જોઈએ. જેમ નળ રાજાની અસ્વચ્છ પાનીમાંથી કળી પેઠો હતો, તેમ આ ક્રોધ કોઈપણ રૂપે માનવીના મનમાં પ્રગટ થાય છે.

એનું પહેલું સ્વરૂપ છે **દ્વેષનું** અને એવો દ્વેષ અવંતિપતિ ચંડપ્રદ્યોતને ઉજ્જૈનીના રાજર્ષિ ઉદયન પ્રત્યે થતો હતો. એણે છૂપા વેશે ઉદયનની દાસીનું અપહરણ કર્યું તેમ જ ઉદયનની સ્વર્ગસ્થ પત્ની જેની નિત્ય પૂજા કરતી હતી તે ચંદનકાષ્ઠની પ્રતિમા પણ લઈ ગયો. એના આવા ગુસ્સાનું પરિણામ એ આવ્યું કે અંતે ચંડપ્રદ્યોત રાજા ઉદયનનો કેદી બન્યો. દ્વેષ એ વ્યક્તિના મનની દુનિયાને અને દુનિયાના સુખને સળગાવે છે.

ક્રોધનું બીજું રૂપ **ગુસ્સો** છે. વૃદ્ધ મુનિ ચંડરુદ્રાચાર્યે પોતાના શિષ્ય પર અતિ ક્રોધ કર્યો. એના મસ્તક પર દંડ ફટકાર્યો, પરંતુ જયારે ચંડરુદ્રાચાર્યને ખ્યાલ આવ્યો કે એમના શિષ્યને તો એમની પૂર્વે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, ત્યારે તેમને પારાવાર પશ્ચાત્તાપ થાય છે.

ક્રોધનું ત્રીજું રૂપ **માનવીને અંધ બનાવી દે** છે. ભગવાન મહાવીર વૈશાલી નગરીના લુહારની નિર્જન કોઢમાં સાધના કરતા હતા, ત્યારે લોકોએ ના પાડવા છતાં લુહારે એમના પર ઘણ વીંઝ્યો અને ઘણ છટકતા યોગી મહાવીરના મસ્તકને બદલે લુહારના મસ્તકમાં ઝિંકાયો. આમ, ક્રોધ માનવીને સ્વહિત પ્રત્યે અંધ બનાવે છે. ક્રોધ કરનાર વ્યક્તિ પોતાના મનને જ નહીં, પણ આસપાસના સમગ્ર વાતાવરણને કલૂષિત કરી નાખે છે. આગની પાસે જે જાય તેને આગ બાળે છે, પરંતુ ક્રોધ તો આખા કુટુંબને અને આસપાસના સમાજને બાળી મૂકે છે.

ક્રોધનું ચોથું રૂપ છે **વ્યક્તિનું અંગત પતન.** ભગવાન મહાવીર દક્ષિણવાચાલાથી ઉત્તરવાચાલા તરફ જતા હતા, ત્યારે ચંડકૌશિક નામનો દૃષ્ટિવિષ સર્પ એમને દંશ મારે છે. બીજા સર્પોની દાઢમાં કે ફૂત્કારમાં ઝેર હોય, ત્યારે આ અતિ ક્રોધી ચંડકૌશિક સર્પની નજરમાં ઝેર હતું. આજે સમાજમાં ઘણી વ્યક્તિઓ આવી 'ઝેરી નજર' ધરાવતી જોવા મળે છે ! આ ક્રોધને કારણે વ્યક્તિ પતનશીલ બનીને પોતાની જાતને જ હણે છે.

આ સર્પ પૂર્વભવમાં ઉગ્ર તપસ્વી હતો, પરંતુ ગુસ્સે ભરાઈને બાળશિષ્યને મારવા જતાં થાંભલા સાથે અથડાઈને મૃત્યુ પામ્યો હતો. એ પછી કેટલાક ભવ બાદ એ પાંચસો તાપસોનો સ્વામી ચંડકૌશિક બન્યો હતો. પરંતુ એકવાર આશ્રમના બગીચામાં ફળ તોડતાં રાજકુમારો પર ક્રોધે ભરાઈને કુહાડો

મારવા જતાં વચ્ચે આવેલો ઊંડો ખાડો દેખાયો નહીં અને કુહાડો એના માથામાં વાગ્યો ને મૃત્યુ પામ્યો. એ પછીના ભવમાં પૂર્વભવના નામવાળો દષ્ટિવિષ સર્પ બન્યો.

આમ, ક્રોધ-કષાયને કારણે થયેલી દુર્દશાને પરિણામે ચંડકૌશિકને સાધુના ઉપાશ્રયમાંથી ઉપવનમાં અને અંતે વેરાન વનમાં રહેવું પડ્યું. પહેલાં વૃદ્ધાવસ્થામાં, પછી યુવાની અને છેલ્લે જન્મથી જ સર્પ તરીકે એનો જીવ ક્રોધમાં ખૂંપ્યો. સમય જતાં એના ક્રોધનો ભાવ પણ કેવો વિકરાળ બન્યો ! પહેલાં બાળમુનિને, પછી રાજકુમારોને અને છેલ્લે જગકલ્યાણકારી પ્રભુ મહાવીરને ખતમ કરવાનાં એના મનમાં મનસૂબા જાગ્યા.

ક્રોધનું પાંચમું સ્વરૂપ છે **ગૃહજીવનનો ક્રોધ**. એકવાર ગુજરાતના મંત્રી તેજપાલે અનુપમાદેવી પર ક્રોધ કર્યો કારણ કે એમણે કહ્યું કે 'એના પતિ વાસી ખાય છે.' પણ જ્યારે તેજપાલને સમજાયું કે એમ કહેવાનો અર્થ એ હતો કે એના પતિ ગયા ભવમાં કરેલાં પુણ્યની કમાઈ ખાય છે, પણ નવાં પુણ્ય કરતાં નથી, ત્યારે એના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો.

ક્રોધનું છઠ્ઠું સ્વરૂપ તે **જીવહત્યા** છે, જે આચાર્ય હરિભદ્રસૂરિના જીવનમાંથી જોઈ શકાય છે. પોતાના બે શિષ્યોને હણનારા વિરોધીઓના ૧૪૪૪ શિષ્યોને ઉકળતા તેલના તવામાં તળવા માંગતા હતા, પરંતુ જ્યારે સાધ્વી યાકિની મહત્તરાએ એમને આ હિંસાથી રોક્યા, ત્યારે પારાવાર પશ્ચાત્તાપ થાય છે. તેના પ્રાયશ્ચિત્ત રૂપે ક્ષમા આદિ ગુણોને પ્રગટ કરતાં ૧૪૪૪ ગ્રંથોની રચના કરે છે.

ક્રોધનું સાતમું સ્વરૂપ તે **યુદ્ધ** છે, જે ભરત અને બાહુબલિના યુદ્ધમાં જોવા મળે છે. મનમાં ક્રોધ આવે છે એક તરંગરૂપે અને પછી માણસના મનને ઘેરી લેતો મહાસાગર બની જાય છે. ગુસ્સાના નાનકડાં બીજમાંથી વેરનું વટવૃક્ષ સર્જાઈ જાય છે. માટે આજે આપણે આપણા અંતરને ખોળીએ અને એમાં વસેલાં ક્રોધ, દ્વેષ, ગુસ્સા, ઝઘડા, આવેશ, ક્રૂરતા, અનિષ્ટભાવને ઓળખીને સાચી ક્ષમા તરફ ગતિ કરીએ.

કાંટા બિછાવનાર તરફ સ્નેહ રાખવો એ ક્ષમાની અગ્નિપરીક્ષા છે. ક્ષમા આપવામાં આવશે અને ક્ષમા માગવામાં આવશે. આ ક્ષમાને બધા ગુણોની કૂખ કહેવામાં આવે છે, કારણ એટલું જ કે આ ક્ષમાની સાધના સાધકના જીવનમાં આઠ અજવાળાં પાથરે છે.

સૌપ્રથમ તો વ્યક્તિ પોતાની વર્તમાન સ્થિતિનો વિચાર કરે છે. દિવાળીએ જેમ નફા-તોટાનો વિચાર થાય, એ રીતે ક્ષમા એ આત્માની દિવાળી છે અને વ્યક્તિ પોતાના દેહ અને મનને પાર કરીને આત્માની ભીતરમાં જઈને પોતાની જાતને જાણીને ક્ષમા માગે છે. સાથે સાથે ક્ષમા સમયે એવો સંકલ્પ કરે છે કે ફરીવાર એવી ભૂલ કે દોષ નહીં કરું.

ક્ષમાથી વ્યક્તિની આત્મદૃષ્ટિ કેળવાય છે અને એ પોતાના ભીતરમાં નજર કરે છે. સામાયિકનો અર્થ છે વર્તમાન તરફ જાગ્રત રહેવું. પ્રતિક્રમણ એટલે પ્રતિક્ષણ જાણતા-અજાણતા થયેલા દોષોને ઓળખવાં અને એમાંથી પાછા ફરવું. બહારની દુનિયામાં દોડતા માનવીને ક્ષમા એ થયેલી ભૂલો જોવાનું અને નિખાલસ દિલે સ્વીકારવાનું સાહસ આપે છે.

ક્ષમાથી સંબંધશુદ્ધિ થાય છે. આજના માનવીના જટિલ જીવનમાં માણસ પોતે અશાંત છે અને એ જગતને અશાંત કરે છે. કાજળની કોટડી જેવો સંસાર ચાલે છે. 'ક્ષ' એટલે ગાંઠ, અને 'મ' એટલે નષ્ટ કરવું. આજના જીવનમાં ઘણી ગાંઠ છે. પિતા-પુત્રમાં મતભેદ છે, ગુરુશિષ્ય વચ્ચે કલહ છે, તો મિત્ર-મિત્ર વચ્ચે મારામારી છે. શેઠ અને નોકરના દિલ દુભાયેલા છે, પડોશી સાથે સંઘર્ષ છે અને નજીકના સાથે સ્નેહ તૂટ્યો છે. આવે સમયે ભાંગેલા

હૈયાને સાંધવાનું કામ ક્ષમા કરે છે.

ક્ષમાથી ચોથું અજવાળું થાય છે માનવીના જીવનની પ્રવૃત્તિમાં. એનાથી એનામાં લોભ ઘટે છે અને સરળતા આવે છે. વિનય સાંપડે છે અને સંતોષ જાગે છે. બીજી રીતે કહીએ તો એની જીવનપ્રવૃત્તિમાં સઘળા ગુણો ક્ષમાની સાધનાથી એને સાંપડે છે. ભગવાન મહાવીરના મહાશ્રાવક કામદેવે એમને ધર્મમાર્ગમાંથી ચલિત કરવા પારાવાર આપત્તિ સર્જનાર દેવને ક્ષમા આપી હતી.

ક્ષમા એ આંતરસમૃદ્ધિનો માપદંડ છે. એ એનું પાંચમું અજવાળું છે. વ્યક્તિ ધર્મના અનુષ્ઠાનો કેટલે અંશે આત્મસાત્ કરી શકે તેનો તાળો ક્ષમાદૃષ્ટિના વિકાસ પરથી મળી શકે છે. ક્ષમા એ ધર્મભાવનાનું બેરોમિટર છે અને તેથી ક્ષમા ન હોય તો વ્રત, તપ, ધ્યાન, અનુષ્ઠાન સફળ થતાં નથી. ક્ષમા એ આત્માનો સ્થાયી ગુણ છે અને તેથી ક્ષમાને પરિણામે વ્યક્તિ આંતરવિકાસ સાધે છે.

ક્ષમાથી મૈત્રીનું છઠ્ઠું અજવાળું પ્રાપ્ત થાય છે. મૈત્રીનો પ્રારંભ માતાથી થાય છે, પછી સગાં-વહાલાં અને કુટુંબથી થાય છે અને એનો વિકાસ થતાં થતાં એ પરહિત ચિંતા અને પ્રકૃતિ તથા પ્રાણીમાત્રની કરુણા સુધી પહોંચે છે. આમ, જગત-કલ્યાણનો માર્ગ છે ક્ષમા. આથી જ ક્ષમા વિશે શાસ્ત્રગ્રંથો કહે છે, ''ઉત્તમ ક્ષમા ત્રણેય લોકમાં સારરૂપ છે. જન્મ-મરણરૂપ સંસારસમુદ્રને તારનારી છે, રત્નત્રયીને પ્રાપ્ત કરાવનારી છે અને દુર્ગતિનું હરણ કરનારી છે.''

ક્ષમાથી સાતમું અજવાળું પ્રગટે છે સમતાનું અને સમતા આવતાં વ્યક્તિ જીવનનાં સંકટોને યોગ્યરૂપમાં સમજીને સ્વસ્થતા અને સમતુલન જાળવી શકે છે. સમતાને પરિણામે હેતપ્રીતનાં તોરણ બંધાય છે અને વેર-ક્રોધના કાતિલ કાંટા અવળા ફરી જાય છે. અંતરના તાર અમી વરસાવે છે અને સંસાર મનનો મીત લાગે છે, આથી જ જૈન ધર્મમાં સર્વ જીવની ક્ષમાયાચનાની વાત છે. મંદિરના એકાંતમાં મનોમન ઈશ્વર આગળ ક્ષમા માગવી સરળ છે, ગુરુજનો પાસે પ્રાયશ્ચિત્ત કરવું પણ આસાન છે, પરંતુ જૈન ધર્મ અનુસાર જેને દુઃખ પહોંચાડ્યું છે, જેની સાથે વેર બાંધ્યું હોય, જેના તરફ દ્વેષ કે ઈર્ષ્યા ધરાવી હોય એવી વ્યક્તિ પાસે જઈને એની ક્ષમા માગવાની છે. સાચી ક્ષમાપનાથી કર્મની પાટી પર જીવનમાં થયેલી એ ભૂલ વજ્રલેખ બની જતી નથી. વ્યક્તિનું મિથ્યાત્વ ટળી જાય છે અને સમ્યક્ત્વ પ્રગટે છે. આથી જ શ્રીમદ્ રાજચંદ્રે ક્ષમાને મોક્ષના ભવ્ય દરવાજા તરીકે ઓળખાવી છે.

ક્ષમાથી પ્રાપ્ત થતું આઠમું અજવાળું એ પ્રસન્નતા છે. એક વાર ભગવાન મહાવીરને એમના પટ્ટશિષ્ય ગણધર ગૌતમસ્વામીએ પૂછ્યું, ''આપ વારંવાર ક્ષમાની વાત કેમ કરો છો ?''

ભગવાને જવાબ આપ્યો, ''ક્ષમા કરવાથી પહેલાં તો આહ્‌લાદનો ભાવ જાગે છે, પછી વિશેષ પ્રકારની પ્રસન્નતા જાગે છે.''

આ સાંભળી ગણધર ગૌતમસ્વામીએ પૂછ્યું, ''આ પ્રસન્નતાથી શું થાય ?''

ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, ''એનાથી સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ થાય, આ મૈત્રીભાવથી ભાવવિશુદ્ધિ થાય. ભાવવિશુદ્ધિ થતાં વ્યક્તિ પ્રસન્નતા અને નિર્ભયતા પામશે.''

સંવત્સરીના મહામૂલા દિવસે ભવતારિણી ક્ષમારૂપી અમૃતનો ભર્યો ભર્યો પ્રેમ-પ્યાલો પીને એનાથી મળતા આ આઠ અજવાળાંનો અનુભવ કરીએ.

• • •

**જેમને મળ્યા પછી બીજાને મળવાનું મન થતું નથી અને બીજું કંઈ (ભૌતિક દૃષ્ટિએ) મેળવવાનું પણ મન થતું નથી તે છે - સદ્‌ગુરુ.**

# આત્મકલ્યાણની શ્રેણીનું પર્વ એટલે પર્વાધિરાજ પર્યુષણ પર્વ

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

ચૈતન્ય ચિંતામણિ, ચૈતન્ય ચક્રવર્તી, ચૈતન્ય વારિધિ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની પત્રાંક ૨૦૧માં પરમ પ્રેમમયતા ઉદ્‌ઘાટિત થાય છે, ''આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્‌ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયાં ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે. ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર)ને મહીની મટુકીમાં નાંખી વેચવા નીકળી હતી; એવી એક શ્રીમદ્‌ભાગવતમાં કથા છે; તે પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે; અમૃત પ્રવહે છે ત્યાં સહસ્ત્રદળ કમળ છે, એ મહીની મટુકી છે; અને આદિપુરુષ તેમાં બિરાજમાન છે તે ભગવંત વાસુદેવ છે; તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે ''કોઈ માધવ લ્યો, હાંરે કોઈ માધવ લ્યો'' એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ, અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે; બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી; માટે તમે પ્રાપ્ત કરો. ઉલ્લાસમાં ફરી ફરી કહે છે કે તમે તે પુરાણપુરુષને પ્રાપ્ત કરો; અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો તો અમે તમને તે આદિપુરુષ આપી દઈએ; મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાં છીએ, ગ્રાહક દેખી આપી દઈએ છીએ, કોઈ ગ્રાહક થાઓ, અચળ પ્રેમે કોઈ ગ્રાહક થાઓ, વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ.'' આ ગહન ગિરામાં આત્મધર્મની સૂક્ષ્મતાનું પ્રાગટ્ય થાય છે.

આત્મકલ્યાણની શ્રેણીના પર્વ રૂપ પર્વાધિરાજ પર્યુષણપર્વ છે. આ લોકોત્તર પર્વ છે કે જે જીવનને ઉલ્લાસ, ઉમંગ અને ઊર્મિથી ભરી દે છે. આત્મવૈભવનું મધુર ગુંજન આ મહાપર્વમાં છે. આત્મોન્નતિ, આત્માનુભવ તથા આત્મસ્થિરતાની મંગલ ત્રિવેણીનું મધુરતમ મિલન સાધતું અલૌકિક અપૂર્વ પરમપર્વ છે.

પર્યુષણ એટલે ચારે બાજુથી સદ્‌ગુરુ અને આત્મસન્નિધિમાં રહેવું. સંસ્કૃતભાષાના વ્યાકરણ આધારે સમજીએ તો परि – એ ઉપસર્ગ છે. परि – એટલે ચારે બાજુથી; वस् – उस् ધાતુ છે એટલે રહેવું. ચારે અનુયોગ દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ - તે સર્વથી આત્માર્થને પુષ્ટિ આપવી તે પર્યુષણ મહાપર્વ છે. સદ્‌ગુરુના ઉપનિષદ્‌માં આત્માને ગવેષવો. સદ્‌ગુરુની આજ્ઞાનુસાર જીવન જીવવું. તેમના પાદપંકજે આત્મઆરાધનાનું સેવન કરવું. આ પ્રધાન પ્રયોજન છે. એક આમ્નાય પર્યુષણપર્વને અષ્ટદિવસીય ગણે છે. એક આમ્નાય અનુસાર આ પર્વ દશદિવસીય છે, જે દશલક્ષણપર્વરૂપે પ્રસિદ્ધ છે.

આત્મકલ્યાણ માટે પરમકૃપાળુદેવ લખે છે, ''જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.'' રસ-રુચિ આત્માની રહે તો કાર્યસિદ્ધિ થાય છે. લગની અને પ્રીતિ આત્માની રહે તો ભવપરિભ્રમણનો અંત આવે છે. જેમ પગમાં કાંટો વાગ્યો હોય અને ખટક્યા કરે, આંખમાં કણું પડ્યું હોય અને ખટક્યા કરે તેમ આત્માની ખટક થયા કરે તો ભવસાગરથી પાર ઉતરી શકાય છે. બાહ્યભાવમાં રસ-રુચિ રહેતી હોય તો આત્મકલ્યાણ થઈ શકે નહિ.

દર્શનમોહની ભૂતાવળમાં ભટકવાનું અંતરથી ગમતું હોય તો કાર્યસિદ્ધ થવું અશક્ય છે. પત્રાંક - ૩૮૯ પરમકૃપાળુદેવે શ્રી મનસુખભાઈ દેવસીભાઈને લખ્યો છે, જે અક્ષરાંકન છે, ''જગત અને મોક્ષનો માર્ગ એ બે એક નથી. જેને જગતની ઇચ્છા, રુચિ,

ભાવના તેને મોક્ષને વિષે અનિચ્છા, અરુચિ, અભાવના હોય એમ જણાય છે.'' સૂત્રાત્મક, ગંભીર અને ગહન શબ્દો છે.

સ્વયંનું રૂપાન્તર થાય તો આત્મકલ્યાણની શ્રેણીની સોપાનપંક્તિનું આરોહણ થઈ શકે. સદ્‌ગુરુની આજ્ઞાનુસાર સ્વયં રૂપાન્તરણની પ્રક્રિયા થાય છે. ગુર્જિએફની વાત સત્ય પ્રગટ કરે છે. તેઓએ પોતાના અમુક શિષ્યોને અસંગતાનો બોધ આપવા એકાન્તમાં મોકલી આપ્યા. કેટલાક એક-બે દિવસમાં બહાર આવી ગયા. ત્રીસ દિવસ એકાન્ત સ્થાનમાં રહેવાનું હતું. કેટલાક દસ-બાર દિવસે બહાર આવ્યા. છેલ્લે એક શિષ્ય હતો. ગુર્જિએફ એકાન્ત સ્થાનમાં જાય છે. જુએ છે તો બધા જતાં રહ્યા છે, એક શિષ્ય દોસ્તોવ્હીસ્કી પ્રસન્નતાસભર શાંતપૂર્ણ સ્થિતિમાં બેઠો હતો. ગુર્જિએફ તેને લઈને રાજમાર્ગથી પસાર થાય છે. બંને સ્વસ્થતાથી ચાલી રહ્યા છે. ત્યારે દોસ્તોવ્હીસ્કી સહજતાથી બોલી ઊઠે છે, ''ગુરુદેવ ! આ બધું ફરી ગયું છે.'' ગુરુદેવ શિષ્યને કહે છે, ''વત્સ ! તું ફરી ગયો છે.'' અર્થાત્ તારામાં સ્વયં રૂપાન્તરણ થયું છે. સ્વયંનું રૂપાન્તર સાધનાપથમાં પરમ આવશ્યક છે. પર્યુષણપર્વ સ્વયં રૂપાન્તરનું પર્વ છે. આત્મજાગૃતિનું મહાપર્વ એટલે પર્વાધિરાજ પર્યુષણપર્વ.

સ્વયંના રૂપાંતરના પાયામાં રસ, રુચિ, પ્રેમ આત્મામાં જોડાય છે ત્યારે તે શક્ય બને છે. પ્રેમ છે પ્રભુમાં, પ્રેમ છે સદ્‌ગુરુમાં, પ્રેમ છે જ્ઞાયકદેવની ઉપાસનામાં, પ્રેમ છે નિજાનંદની મસ્તીમાં, પ્રેમ છે આત્માની અસ્તિમાં, 'પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુ સેં' તો સાધક સ્વમાં સ્થિતિ પામે છે. આ મહાપર્વ આત્મસેવનપર્વ છે, આત્મપ્રતીતિપર્વ છે, આત્મધારણપર્વ છે, આત્મજાગરણપર્વ છે, આત્મસ્થૈર્યપર્વ છે. પ્રેમની પ્રતીતિમાં શ્રદ્ધા ભળે છે. આત્મકલ્યાણની શ્રેણીની સોપાનપંક્તિમાં આગળ આરોહિત થવાય છે. 'આપને તારા અંતરનો એક તાર...' શ્રદ્ધાથી મધુર ગીત ગવાતું જાય છે, સાધક શ્રદ્ધાના પાવનજળમાં નિમજ્જિત થાય છે. આત્મવીણાના તાર ઝંકૃત થવા લાગે છે. શ્રદ્ધાને દૃષ્ટાન્તથી પુષ્ટ કરીએ.

એક પથિક રણમાં પ્રવાસ કરી રહ્યો છે. પથિકને રણમાં મુસાફરી કરવી પડે તેમ છે અને તે પણ એકલાને. સાથી-સંગાથી કોઈ સાથમાં નથી. આવા કપરા સમયે તેના હૃદયમાં ભાવ જાગ્યો કે એકલો એકલો ક્યાં સુધી મુસાફરી કરીશ, પ્રભુ તો કરુણાસાગર છે. તેઓને હું પ્રાર્થના કરું તો તેઓ મારી સાથે ન ચાલે ? સરળભાવે પથિકે પ્રાર્થના કરી, ''પ્રભુ ! આપ તો કરુણાસાગર છો. હું એકલો એકલો આ વિષમ રણમાં જઈ રહ્યો છું. હે પ્રભુ ! તમે મારી સાથે આવો ને ! પ્રભુ તમે મારી સાથે ચાલો જ. તમારા વિના મારી સાથે કોણ આવે ? તમારા સિવાય મને નહિ ચાલે ! પ્રભુ ! આવો ને !'' પૂર્ણ શ્રદ્ધાથી પ્રભુ સાથે વાતો કરે છે. પાછળ ફરીને જુએ છે તો પોતાના બે પગલાંની પાછળ બીજા બે પગલાંની છાપ નજરે પડે છે. 'લ્યો ! પ્રભુ ! તમે આવી ગયા.' આનંદિત થઈને આગળ ચાલવા લાગે છે. થોડો સમય ચાલે છે. રણપ્રદેશ છે. તાપ ઘણો છે. પાણી ક્યાંય દેખાતું નથી. તરસ લાગી છે. થાક્યો છે, પણ પ્રભુ સાથે છે તેનો આનંદ છે. થાકથી અતિ દુઃખી છે. પાછળ જુએ - પગલાં દેખાતાં નથી. ''અરે, શું પ્રભુ મને છોડીને જતાં રહ્યાં. પ્રભુ તો કરુણાસાગર છે. છોડીને તો ન જ જાય. પણ પગલાં તો એક જ દેખાય છે.'' પ્રભુને પોકાર કરવા લાગ્યો, ''પ્રભુ ! તમે ક્યાં છો ? મને શ્રદ્ધા છે. તમે મને મૂકીને ન જ જાઓ. જલ્દી આવો જલ્દી આવો.'' ત્યાં અવાજ સંભળાયો, ''વત્સ ! હું તારી સાથે જ છું. ગરમી અને તૃષાને કારણે તું બેભાન થઈને પડી ગયો હતો. તને તેડીને અત્યારે હું એકલો ચાલી રહ્યો છું. તને થયું કે મારા પ્રભુ મને મૂકીને ન જ જાય ! તારી અપૂર્વ શ્રદ્ધા મને તારાથી દૂર ન કરાવે.

તને ભાન આવ્યું અને પગલાં બે જ જોયાં. પણ તું ક્યાં છો વત્સ ! મેં તને તેડી લીધો છે. જે બે પગલાંની છાપ તે મારા બે પગલાંની છે.'' પથિક આનંદમાં હિલોળે ઝુલવા લાગ્યો. કેવી પરમ શ્રદ્ધા ! આવી પરમ શ્રદ્ધાથી આત્મકલ્યાણના દ્વાર ઉઘડી જાય છે.

નિર્દોષ, નિષ્પાપ, નિર્મળ બાળક જેવી શ્રદ્ધા. બાળક મંદિરમાં પ્રવેશ કરે છે. બ્રાહ્મણો વેદની ઋચાઓથી - સામગાનથી પ્રભુને પ્રાર્થના કરે છે. ઋચાઓ બોલતા જાય છે. બાળક વેદગાન સાંભળે છે. મને આવું કાંઈ આવડતું નથી. મારી પાસે એવી ભાષા નથી, પણ હૃદયનો ભાવ અખંડિત, અસીમ અને અપાર છે. બાળક શ્રદ્ધાથી પ્રભુને કહે છે કે પ્રભુ ! મને કક્કો (ક, ખ, ગ) અને બારાક્ષરી આવડે છે. તમારી પ્રાર્થનામાં કક્કો અને બારાક્ષરી બોલું છું. તમે સાંભળજો પ્રભુ ! તે બાળક હૃદયના પૂરા ભાવથી બોલી જાય છે પછી પ્રભુને કહે છે કે હે પ્રભુ ! આ કક્કો અને બારાક્ષરીમાંથી આપને ગમે તેવા ભજનો અને પ્રાર્થનાઓ બનાવી લેજો. શ્રદ્ધાથી બોલાયેલી બાળકની પ્રાર્થના સાંભળીને પ્રભુની મૂર્તિ સહજરૂપે હસી. બાળક આનંદમાં આવીને બોલ્યો, ''પ્રભુ ! તમે તો ભાવના પ્રેમી છો. મારી પ્રાર્થના તમે સાંભળી.'' આ શ્રદ્ધા આત્મભાવમાંથી પ્રગટ થઈ હતી. મહાન ગ્રંથો સાક્ષી પૂરે છે, **श्रद्धावान् लभते नरः ।**

પ. પૂ. પ્રભુશ્રી લઘુરાજસ્વામી બોધ આપતા કહેતા, 'श्रद्धा परम दुल्लहा ।' ક્ષયોપશમ જ્ઞાનથી શાસ્ત્રો કંઠસ્થ થાય. તે જ્ઞાનનો ક્ષયોપશમ છે. તેનાથી આત્મપ્રાપ્તિ થતી નથી. શ્રદ્ધા થતાં આત્મા સમીપ વર્તે છે, પછી જ્ઞાન સમ્યક્‌પણાને પામે છે. પ.પૂ. પ્રભુશ્રી કહેતા કે શ્રદ્ધા એકની જ રાખવી. પરમકૃપાળુદેવની શ્રદ્ધા રાખો. સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ તેમાં પંચ પરમેષ્ઠી છે. તેની શ્રદ્ધા રાખો. આશ્રમમાં જે જે આવે તે સહુને એક જ વાત કરે. 'श्रद्धा परम दुल्लहा ।' શ્રદ્ધા એક જ રાખો. પરમકૃપાળુદેવની શ્રદ્ધામાં મોક્ષ રહ્યો છે. આવી પરમ શ્રદ્ધા સાથે પ. પૂ. પ્રભુશ્રી જીવ્યા. રોમે-રોમે શ્વાસે-શ્વાસે એક જ શ્રદ્ધા. આવી અપૂર્વ શ્રદ્ધા સદા આત્મકલ્યાણ સાધે છે.

હરિના શ્રદ્ધાવાન નરસિંહ મહેતા હરિ સાથે વાર્તાલાપ કરે. 'હે રાસધર ! આજે મેં પણ તારી સાથે રાસલીલાનો આનંદ લીધો,' 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા' કહીને શામળિયાને જગાડે અને શામળિયો મહેતાજીના પ્રસંગોમાં સાક્ષાત્ આવી ઊભો રહે ! આવી શ્રદ્ધા ! હું કાંઈ નહિ, જે હો તે તમે જ હો. મીરાંબાઈની શ્રદ્ધા ! મેવાડ રાજ્યની મહારાણી શેરીઓમાં પરમ શ્રદ્ધાથી ગાતી જાય ! 'મને ચાકર રાખોજી ગિરધારી લાલા રે, મને ચાકર રાખોજી.' સર્વસ્વ પ્રભુના ચરણે.

અપૂર્વ શ્રદ્ધા આત્મકલ્યાણનો રાજમાર્ગ છે. આ શ્રદ્ધાનું રસપાન પર્વાધિરાજ પર્યુષણમાં થાય છે. શ્રાવકો સત્‌પ્રેમના પાત્ર બને છે. મહાવીર જિન સ્તવનમાં ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

'તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે.' પરમ શ્રદ્ધાવાન સાધકની આ અંતરવાચા છે.

શ્રદ્ધાવાન સાધક સદ્‌ગુરુને, પ્રભુને, સ્વભાવને અર્પિત થાય છે. આત્મકલ્યાણની શ્રેણીનું નિઃશંકિત, નિઃકાક્ષિત સોપાન સમર્પણ છે. सम् +अर्पण - સમ્યક્‌તયા અર્પણતા તે સમર્પણતા છે. પરમશ્રુતધારી, પરમકૃપાળુદેવ આણંદથી પરમસખા સોભાગભાઈને મોરબી પત્રાંકન કરે છે. પત્રાંક ૩૦૭ની પાવન સરસ્વતી છે, ''(એવું જે) પરમ સત્ય તેનું અમે ધ્યાન કરીએ છીએ. ભગવતને સર્વ સમર્પણ કર્યા સિવાય આ કાળમાં જીવનું દેહાભિમાન મટવું સંભવતું નથી. માટે અમે સનાતન ધર્મરૂપ પરમ સત્ય તેનું નિરંતર ધ્યાન કરીએ છીએ. જે સત્યનું ધ્યાન કરે છે.

તે સત્ય હોય છે.'' અહો ! સમર્પણભાવને નમસ્કાર હો.

૫. પૂ. પ્રભુશ્રી લઘુરાજસ્વામી સાધુવેશમાં હતાં તો પણ પરમકૃપાળુદેવના દર્શન પ્રથમવાર કર્યા ત્યારે દંડવત્ નમસ્કાર, સર્વસ્વ અર્પણતાનો ભાવ. પરમ સખા સોભાગભાઈ પણ બોલી ઊઠે, ''ઊગતા સૂર્યની સાખે અને નદીની સાખે મને આપના સિવાય કોઈ ન ખપે. આપનું જ શરણ હો.'' આ સમર્પણભાવની ચરમસીમા છે. પરમકૃપાળુદેવે પણ ચાર નમસ્કાર કર્યા તેમાં સમ્યક્દર્શન, હે જિન વીતરાગ, હે કુંદકુંદાદિ આચાર્યો અને હે શ્રી સોભાગ. સતી ચંદનબાળાની અર્પણતાથી પ્રભુ મહાવીર પધાર્યા. અભિગ્રહ ધારણ કર્યો હતો. બધા ભાવો પૂર્ણ થયા પણ ચંદનબાળાની આંખમાં આંસુ ન જોયા. પ્રભુ પાછા ફર્યા. ચંદનબાળાનું સમર્પણ ! પ્રભુ ! મારામાં શું દોષ થયા ! આંખમાં આંસુની ધારા. ભગવાન પણ ભાવનાને નિહાળી પારણું પામ્યા.

કવિ નોંધે છે કે 'હું' કેન્દ્રમાંથી પરિઘમાં ચાલ્યું જાય અને કેન્દ્રમાં પ્રભુ - પ્રભુની આજ્ઞા આવે - તે છે સમર્પણ.

કૃષ્ણભક્તિમાં સમર્પિત મીરાંબાઈની અર્પણતા કેવી છે ! મીરાંબાઈ સદ્‌ગુરુના આશ્રમે ગયાં. દ્વાર બંધ હતા. મીરાંબાઈએ દ્વાર ઉપર ટકોરા માર્યા. સદ્‌ગુરુ કહે, 'કોણ છે ?' 'હું મીરાં. પ્રભુના ચરણોની દાસી.' દ્વાર ઊઘડ્યું. મીરાંબાઈ અંદર ગયાં. સદ્‌ગુરુના ચરણોમાં વંદન કરી રહી હતી. સદ્‌ગુરુ કહે, ''મીરા' કોણ છે એમ પૂછ્યું, ત્યારે તું કહે - હું મીરાં, પ્રભુના ચરણોની દાસી ! મીરાં - આ બેઉ સાથે કેમ હોઈ શકે ? તું પ્રભુના ચરણોની દાસી હો તો તું પ્રભુના સમન્દરનું બુંદ બની ગઈ. વર્ષાનું એક બુંદ સમન્દરમાં પડે પછી સમંદરમય બની જાય. તેની કોઈ અલગતા રહેતી નથી. તું કાંતો મીરાં હો અથવા પ્રભુના ચરણની દાસી હો.'' મીરાં સદ્‌ગુરુના વચનમાં ભળી ગઈ. મીરાં હટી ગઈ, કેન્દ્રમાં પ્રભુ જ પ્રભુ રહી ગયા. આ છે સમર્પણભાવ. આત્મકલ્યાણની શ્રેણીમાં સમર્પણભાવ આવે છે ત્યારે સાધક અભેદતા સાધે છે. ભિન્ન અસ્તિત્વ રહેતું નથી. મીઠાની પુતળી સમુદ્રનું માપ કાઢવા જાય તે સાગરમાં અભેદતા સાધે છે. આ છે પર્યુષણપર્વની લોકોત્તરતા. સાધક દૃઢ સંકલ્પથી કાર્ય સાધે તો આઠ દિવસમાં અષ્ટકર્મના નાશનું બીજ રોપી શકે. તેટલી સામર્થ્યશાલીનતા આ પર્વાધિરાજ મહાપર્વમાં છે.

આ મહાપર્વનો અષ્ટમ દિવસ સંવત્સરી છે. તે દિવસે દરેક શ્રાવક - શ્રાવિકા નાના-મોટા પરસ્પર કરેલા દોષની ક્ષમા પ્રાર્થે છે.

खामेमि सव्वे जीवा सव्वे जीवा खमन्तु मे ।
मित्ति में सव्व भूएसु वेरं मज्झं न केणई ॥

खामेमि सव्वे जीवा - સર્વ જીવોને હું ખમાવું છું.
सव्वे जीवा खमन्तु मे - સર્વ જીવો મને ક્ષમા આપો.
मित्ति मे सव्व भूएसु - સર્વ જીવો સાથે મારો મિત્રભાવ છે.
वेरं मज्झं न केणई - મારે કોઈ સાથે વેર નથી.

''મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.''

આવી વિશિષ્ટ મૈત્રીભાવના - ક્ષમાપના, સાયંકાલે સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પ્રત્યેક જૈની ભાવે છે. क्षमा वीरस्य भूषणम् । ક્ષમા એ નિર્બળતાની નિશાની નથી. જેના મનમાં ગુણાનુરાગ છે, જેના વચનમાં ગુણાનુવાદ છે અને કાયામાં સહાયકભાવ છે તે સહજભાવે ક્ષમા આપી શકે છે. જેની પાસે તાત્ત્વિક ભાવ છે, જેની પાસે સાત્ત્વિક વૃત્તિ છે તથા જેની પાસે આધ્યાત્મિક જીવનમયતા છે તે સંવત્સરીપર્વને મહાપર્વ બનાવી આત્મકલ્યાણની શ્રેણીનું આરોહણ સાધી પર્વાધિરાજ પર્યુષણને માણે છે, પામે છે, સેવે છે, અંતે મુક્તિલક્ષ્મીને વરે છે.

• • •

# શ્રી પર્યુષણ પર્વની આરાધના
## ચાર અંકના આધારે

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

પર્યુષણ = પરિ + ઉસ. એવું પર્વ કે જેમાં ચારે બાજુથી આરાધના કરવા માટે મહાપુરુષોની આજ્ઞા છે.

**● ચાર પ્રકારે આરાધના કરવી :**

૧. સમ્યગ્દર્શન, ૨. સમ્યક્જ્ઞાન, ૩. સમ્યક્ચારિત્ર, ૪. સમ્યક્તપ.

**● ચારે અનુયોગથી આરાધના કરવી :**

૧. પ્રથમાનુયોગ, ૨. કરણાનુયોગ, ૩. ચરણાનુયોગ, ૪. દ્રવ્યાનુયોગ.

**● ચાર શરણ લેવાં :**

૧. શ્રી અરિહંત, ૨. શ્રી સિદ્ધ, ૩. શ્રી સાધુભગવંત, ૪. શ્રી વીતરાગ ધર્મ

**● ચાર રીતે આરાધના કરવી :**

૧. દાન, ૨. શીલ, ૩. તપ, ૪. ભાવ.

**● ચાર 'વ'ની આરાધના કરવી :**

૧. વિનય, ૨. વિવેક, ૩. વૈરાગ્ય, ૪. વિચાર.

**● ચાર 'સ'ની આરાધના કરવી :**

સત્સંગ, સદ્વાંચન, સદ્વિચાર, સદાચાર.

**● ચાર ભાવનાઓ નિરંતર ભાવવી :**

મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા, માધ્યસ્થતા.

**● ચાર સદ્ગુણો ગ્રહણ કરવાં :**

વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, જિતેન્દ્રિયપણું.

**● ચાર દોષો કાઢવાં :**

૧. મિથ્યાગ્રહ, ૨. સ્વચ્છંદ, ૩. પ્રમાદ, ૪. ઈન્દ્રિયવિષયની લોલુપતા.

**● ચાર પ્રકારના વ્યવહાર મોક્ષમાર્ગને અવિરુદ્ધપણે આરાધવાં :**

૧. ભક્તિમાર્ગ, ૨. જ્ઞાનમાર્ગ, ૩. યોગમાર્ગ, ૪. નિષ્કામ સેવામાર્ગ.

**● ચાર પ્રકારે ભેદજ્ઞાન કરવું :**

૧. અબદ્ધ નોકર્મ, ૨. બદ્ધ નોકર્મ, ૩. દ્રવ્યકર્મ, ૪. ભાવકર્મથી હું જુદો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા છું એમ ભાવના ભાવવી.

**● ચાર પ્રકારે સમ્યક્ જ્ઞાનની કસોટી કરવી :**

૧. જેનાથી સંસાર પરથી ખરેખર પ્રીતિ ઘટે, ૨. સાચાને સાચું જાણે, ૩. જેનાથી બાહ્યવૃત્તિઓ રોકાય, ૪. જેનાથી આત્મામાં ગુણ પ્રગટે તે સાચું જ્ઞાન. — શ્રીમદ્ રાજચંદ્ર ઉ. છાયા-૧૨

**● ચાર કષાય ઘટાડવાં :**

૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ.

**● ચાર ગુણો અંગીકાર કરવાં :**

૧. ક્ષમા, ૨. વિનય, ૩. સરળતા, ૪. સંતોષ.

**● સંસારની ચાર ઉપમા વિચારી વૈરાગ્ય વધારવો :**

૧. સંસાર સમુદ્ર સમાન અનંત અને અપાર છે,

૨. સંસાર અગ્નિ સમાન છે, જેમાં મહા તાપ સમાયેલો છે,

૩. સંસાર અંધકારરૂપ છે, જેથી સત્ય અસત્ય ભાસે છે,

૪. સંસાર શકટચક્ર સમાન છે, જે મિથ્યાત્વની ધરી ઉપર નિરંતર ચાલ્યા જ કરે છે.

**● ચાર ગતિના દુઃખોની વિચારણા કરી પંચમગતિની ભાવના કરવી :**

૧. મનુષ્ય ગતિ, ૨. દેવ ગતિ, ૩. તિર્યંચ ગતિ, ૪. નરકગતિ.

● **આત્માર્થીના ચાર ગુણો ધારણ કરવાં :**

૧. કષાયની ઉપશાંતતા, ૨. માત્ર મોક્ષઅભિલાષ, ૩. ભવે ખેદ, ૪. પ્રાણી દયા .

● **ચાર પ્રકારે હિંસા ટાળવાનો પુરુષાર્થ કરવો :**

૧. આરંભી હિંસા, ૨. વિરોધી હિંસા, ૩. ઉદ્યોગી હિંસા, ૪. સંકલ્પી હિંસા.

● **ચાર મુખ્ય આસ્રવ નિવારવાં :**

૧. અજ્ઞાન-સ્વરૂપનું અજ્ઞાન, ૨. મિથ્યાત્વ - ઊંધી માન્યતા, ૩. રાગ, ૪. દ્વેષ.

● **ચાર પ્રકારના ધર્મધ્યાન કરવાં :**

૧. આજ્ઞાવિચય, ૨. અપાયવિચય, ૩. વિપાકવિચય, ૪. સંસ્થાનવિચય.

● **સંસ્થાન વિચયના બીજા ચાર પ્રકાર આરાધવાં :**

૧. પિંડસ્થ ધ્યાન, ૨. પદસ્થ ધ્યાન, ૩. રૂપસ્થ ધ્યાન, ૪. રૂપાતીત ધ્યાન.

● **ચાર વસ્તુની દુર્લભતા વિચારવી :**

૧. મનુષ્યત્વ, ૨. ધર્મનું શ્રવણ, ૩. ધર્મમાં શ્રદ્ધા, ૪. સંયમ (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર)

● **ચાર પ્રકારના આર્તધ્યાન છોડવાં :**

૧. ઈષ્ટવિયોગ, ૨. અનિષ્ટયોગ, ૩. વેદના, ૪. નિદાન.

● **ચાર પ્રકારના રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો :**

૧. હિંસાનંદી, ૨. મૃષાનંદી, ૩. ચૌર્યાનંદી, ૪. પરિગ્રહાનંદી.

● **જીવનમાં ધર્મ પ્રગટવાના ચાર મુખ્ય નિમિત્ત :**

૧. મહત્ પુણ્યનો ઉદય હોય, ૨. મહાભાગ્યવાન હોય, ૩. સદ્ગુરુનો અનુગ્રહ પામે, ૪. અપૂર્વ અંતરસંશોધન દ્વારા ધર્મ પ્રગટે છે.

● **મહારોગનિવારણની શ્રી આત્મસિદ્ધિની ગાથાના ચાર ચરણ નિરંતર ભાવવાં :**

૧. આત્મભ્રાંતિ સમ રોગ નહિ, ૨. સદ્ગુરુ વૈદ્ય સુજાણ, ૩. ગુરુઆજ્ઞા સમ પથ્ય નહીં, ૪. ઔષધ વિચાર-ધ્યાન.

● **'શ્રી સમયસાર'ની પાંચમી ગાથા સાધના માટે નિરંતર ભાવવી, જેથી આત્માનો અલૌકિક વૈભવ પ્રગટ થાય :**

૧. આગમની ઉપાસના કરવી, ૨. સુયુક્તિનું અવલંબન લેવું, ૩. ગુરુપરંપરાનો ઉપદેશ ધારણ કરવો, ૪. પ્રચૂર સ્વસંવેદન દ્વારા આત્માનો અનુભવ કરવો.

● **'મેરી ભાવના'માં કહેલાં જ્ઞાની - ધર્માત્માના ચાર વિશિષ્ટ ગુણો વિચારવાં :**

૧. વિષયો કી આશા નહીં જિનકે, ૨. સામ્યભાવ ધન રખતે હૈ, ૩. નિજ પર કે હિત સાધન મેં જો નિશદિન તત્પર રહતે હૈ, ૪. સ્વાર્થત્યાગ કી કઠિન તપસ્યા બિના ખેદ જો કરતે હૈ - ઐસે જ્ઞાની સાધુ જગત કે દુ:ખ સમૂહ કો હરતે હૈ.

● **પરમાત્માના અનંત ચતુષ્ટયનું ધ્યાન કરવું :**

૧. અનંતજ્ઞાન, ૨. અનંત દર્શન, ૩. અનંત સુખ, ૪. અનંત વીર્ય.

● **વાણીના ચાર ગુણો દર્શાવતું સૂત્ર :**

૧. ધીરે સે બોલો, ૨. પ્રેમ સે બોલો, ૩. આદર દેકર બોલો, ૪. જરૂરત હોને પર બોલો.

— પૂજ્ય ક્ષુલ્લક શ્રી સહજાનંદજી વર્ણી

● **ચાર ઘાતીકર્મના નાશ માટે અપ્રતિમ પુરુષાર્થ કરવો:** ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. મોહનીય, ૪. અંતરાય કર્મ.

● **ચાર મંત્રોની આરાધના કરવી :**

૧. સહજાત્મસ્વરૂપ પરમગુરુ, ૨. આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે, ૩. પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ, ૪. સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.

● **ચાર 'પ' અનુસાર પુરુષાર્થ કરવો :**

૧. પ્રાથમિકતાના ધોરણે, ૨. પ્રામાણિકપણે, ૩. પ્રબુદ્ધપણે અને ૪. પરાક્રમયુક્ત પુરુષાર્થ કરવાની મહાપુરુષોની આજ્ઞા છે.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨૧)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## પ્રભુનો વિશિષ્ટ અતિશય : ગુણ-આશ્રય અને દોષ-પરિહાર

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

**को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै -**
**स्त्वं संश्रितो निरवकाशतया मुनीश !**
**दोषैरुपात्तविविधाश्रयजात गर्वैः,**
**स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥**

● **શબ્દાર્થ** : को (कः) - શું, विस्मयः - આશ્ચર્ય, अत्र - એમાં, અહીં, આ વિષયમાં, यदि - જો, એમ, नाम - લાગે છે, यदि नाम - (મને) એમ લાગે છે, गुणैः - ગુણો વડે, अशेषैः - જેમાં કાંઈ શેષ(બાકી) નથી, સમગ્ર, त्वं - તમારો, संश्रितः - આશ્રય કરાયો છે, निरवकाशतया - અવકાશ (સ્થાન, આશ્રય) વિનાનું, અન્ય સ્થળે આશ્રય ન મળવાના કારણે, मुनीश ! - (હે) મુનીશ્વર ! दोषैः - દોષો વડે, उपात्त - પ્રાપ્ત કરેલો છે, विविध - વિવિધ, પ્રકારનો, आश्रय - આશ્રય, जात - જન્મેલો છે, ઉત્પન્ન થયેલો છે, गर्वैः - ગર્વ વડે, स्वप्नान्तरे - સ્વપ્નમાં, अपि - પણ, न - નથી, कदाचित् अपि - કોઈ પણ વખત, ईक्षितः - જોવાયા, असि - તમે.

● **સમશ્લોકી અનુવાદ** : (મંદાક્રાંતા)

**સર્વે ઊંચા ગુણ પ્રભુ અહો ! આપમાંહી સમાયા,**
**તેમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;**
**દોષો સર્વે અહીં-તહીં ફરે, દૂર ને દૂર જાય,**
**જોયા દોષે કદિ નવ પ્રભુ, આપને સ્વપ્નમાંય.(૨૭)**

● **ભાવાર્થ** : હે મુનીશ્વર ! મને એમ લાગે છે કે (આપના સિવાય) અન્યત્ર સ્થાન (અવકાશ, આશ્રય) નહિ મળવાથી સમગ્ર ગુણોએ તમારો આશ્રય કર્યો છે, એમાં આશ્ચર્ય શું ? (બીજે ક્યાંય તમારા જેવી પાત્રતા અને યોગ્યતા નથી.) તેમ જ અનેક સ્થળે (અન્યત્ર) આશ્રય પામવાથી જેમને ગર્વ થઈ રહ્યો છે, એવા દોષોએ કોઈ વખત સ્વપ્નમાં પણ તમને જોયા નથી, એમાં પણ આશ્ચર્ય શું ? (દોષો સ્વપ્નમાં પણ તમારી નજીક આવ્યા નથી, આપ કેવળ ગુણોના જ સમૂહ છો).

● **વિશેષાર્થ / પરમાર્થ** : માનતુંગાચાર્યે આગળના શ્લોકોમાં આદિનાથ ભગવાનની અંતરંગ દશા અને આંતરવૈભવ (અડોલ, નિર્વિકારી, સર્વજ્ઞ વગેરે) કહ્યા પછી આ શ્લોક - ૨૭માં પ્રભુના ગુણ(સહિત) - દોષ(રહિત) સ્વરૂપ આંતરવૈભવનો ઉપસંહાર છે. આંતરવૈભવ એટલે ઉત્તમ ગુણોથી ભરપૂર (ઠાંસોઠાસ, ખીચોખીચ), દોષોવિહીન (સંપૂર્ણ રીતે, અનંતાંશપણ નહીં) અને જાગૃત અવસ્થા (સતત અને સદૈવ, સાદિ અનંત). હવે પછીના ૧૦ શ્લોક (૨૮-૩૭)માં જિનેશ્વર ભગવંતનો બાહ્ય વૈભવ કહેશે કે જેમાં ૮ પ્રાતિહાર્ય અને દેવકૃત અતિશય હશે.

દિગ્ગજ આચાર્ય પૂજ્યપાદ સ્વામીએ પાંચમી સદીમાં 'સમાધિશતક' રચ્યું તેમાં ત્રણ પ્રકારના જીવો કહ્યાં : (૧) બહિરાત્મા-દોષપ્રધાન, સંસારી જીવો, (૨) અંતરાત્મા-ગુણપ્રધાન, જિજ્ઞાસુ-મુમુક્ષુ-સાધકો, (૩) પરમાત્મા-કેવળ ગુણ સહિત, માત્ર ગુણો, ચરમ સિદ્ધિ દશા. આ શ્લોકમાં માનતુંગાચાર્ય પરમાત્માની ભક્તિ-આરાધના કરી રહ્યા છે.

આશરે ૨૦૦૦ વર્ષ પહેલા થયેલ મહાન આચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવે 'રયણસાર'માં મુનિના

બે મુખ્ય કર્તવ્ય - સ્વાધ્યાય અને ધ્યાન તથા ગૃહસ્થના બે મુખ્ય કર્તવ્ય - દાન અને ભક્તિ કહ્યા. દાનથી લોભ કષાય ઘટે અને એ એક પ્રકારનો વૈરાગ્ય છે. આમ, સાધકની સાધનાના પાયામાં વૈરાગ્ય અને ભક્તિ છે. શ્રીમદ્‌જીએ પત્રાંક-૫૦૬માં ગૃહ (જડ) - કુટુંબ (ચેતન) આદિ પ્રત્યેના અનાસક્ત ભાવને વૈરાગ્ય કહ્યો છે. અહીં માનતુંગાચાર્ય ગુણ-દોષની વાત કરે છે. તેમાં પ્રભુના ગુણો એ તેમની ભક્તિ છે અને દોષો (સંસારની વસ્તુ-વ્યક્તિ-પરિસ્થિતિ પ્રત્યેનો રાગ-વિભાવ)નો પરિહાર નિર્વેદ અથવા વૈરાગ્ય છે. પૂ. સુનંદાબેન (વોહોરા) તેમના સ્વાધ્યાયમાં હંમેશાં વૈરાગ્યને પાયાનો ગુણ કહીને ભાર મૂકે છે કે વૈરાગ્ય વિનાની સાધના કાચી અને પાંગળી છે. તેઓ શ્રી વૈરાગ્યને સાધક માટે આવશ્યક અને અનિવાર્ય ગુણ કહે છે. મહાયોગી ભર્તૃહરિએ કહ્યું કે સંસારમાં માત્ર વૈરાગ્ય જ અભય છે. ખરેખર વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે. (મોક્ષમાળા-૫૨)

સ્તોત્રકાર સૂરિજી કહે છે કે હે ભગવન્ ! સર્વ ગુણોએ આશ્રય મેળવવા માટે આ વિશ્વમાં ઘણું પરિભ્રમણ કર્યું પણ તેમને કોઈ સ્થળે આશ્રય (પાત્રતા, યોગ્યતા) મળ્યો નહીં, એટલે છેવટે તે બધા ગુણો આવીને આપનામાં રહ્યા. તાત્પર્ય એ છે કે જે ગુણો તમારામાં રહેલા છે તે ગુણો અન્યત્ર ક્યાંય નથી. તમારા જેવી ગુણો માટેની પાત્રતા વિશ્વમાં ક્યાંય કોઈનામાં નથી. આ શ્લોકમાં માનતુંગાચાર્યે સુયુક્તિપૂર્વક ગુણો અને દોષોને ઉપમા-અલંકારથી વ્યક્તિત્વ અર્પીને પોતાની વાત સિદ્ધ કરી છે કે, પ્રભુમાં જેવા અને જેટલા ગુણો છે તે વિશ્વમાં અન્યત્ર ક્યાંય નથી (વિધેયાત્મક) અને પ્રભુમાં એક પણ દોષ નથી (નિષેધાત્મક).

સૂરિજી કહે છે કે હે પ્રભુ ! જે દોષો હતા, તેમને વિવિધ અન્ય સ્થળે આશ્રય મળ્યો, એટલે કે તેઓ લૌકિક દેવોમાં જામી પડ્યા અને તેથી તેમને ગર્વ થયો કે અમને "સારો આશ્રય મળી ગયો છે." પછી તેઓ તમને શોધવાની કે તમને જોવાની તસ્દી લે જ શા માટે ? એટલે કે તેમણે (દોષોએ) તમને (પ્રભુને) કોઈ વખત સ્વપ્નમાં પણ જોયા નહિ. તાત્પર્ય કે લૌકિક દેવોમાં હાસ્ય, રતિ, ભય, શોક, જુગુપ્સા, ક્રોધાદિ કષાય વગેરે અનેક દોષો રહેલા છે, જ્યારે જિનેશ્વર દેવમાં એક પણ દોષ નથી. તેઓ સર્વ દોષથી રહિત અને સર્વગુણસંપન્ન એવા દેવાધિદેવ પરમાત્મા છે.

પ્રકૃતિના વિસ્તારથી જીવના કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે. જ્ઞાનીઓએ કરુણા અને કુશળતાપૂર્વક તે અનંત દોષોનો નીચેના ૧૮ પ્રકારમાં સમાવેશ કરેલ છે. તીર્થંકરો (ચાર ઘાતીકર્મના વિસ્તારરૂપ) આ ૧૮ દોષથી રહિત છે :

૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩. વીર્યાંતરાય, ૪. ભોગાંતરાય, ૫. ઉપભોગાંતરાય, ૬. હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ, ૯. ભય, ૧૦. જુગુપ્સા, ૧૧. શોક, ૧૨. કામ, ૧૩. મિથ્યાત્વ, ૧૪. અજ્ઞાન, ૧૫. નિદ્રા, ૧૬. અવિરતિ-અપ્રત્યાખ્યાન, ૧૭. રાગ અને ૧૮. દ્વેષ.

આ શ્લોકમાં આચાર્યશ્રી આદિનાથ પ્રભુને કહે છે કે હે પ્રભુ ! જે કોઈ ઉત્તમ ગુણો છે તે તમારામાં આવીને સમાઈ જાય છે. તમે એટલા પ્રભાવશાળી છો કે જે કાંઈ ઉત્તમ હોય તે તમારા તરફ આકર્ષાય છે. દોષો તમારાથી દૂર રહ્યા કરે છે. આ દોષોએ તમારું સ્વપ્નમાં પણ દર્શન કર્યું નથી કારણ કે તમારો એવો પ્રભાવ છે કે તમારા સંપર્કમાં જે કોઈ આવે તે પોતાના અવગુણો છોડીને, ગુણસ્વરૂપ બની જાય. દુર્ગુણોને તમારો સંપર્ક જ થયો નથી, નહિતર તેઓ પોતાના અવગુણોને કેવી રીતે રાખી શકે ! લાગે છે કે બાપડા દોષોને પોતાનું ખરાબપણું સાચવવા માટે

તમારાથી દૂર ને દૂર રહેવું પડે છે !

અહીં માનતુંગાચાર્ય પ્રભુના એક વિશિષ્ટ અતિશયનો પરિચય આપે છે. શ્રી તીર્થંકર ભગવંત સર્વજ્ઞપણું પ્રગટાવ્યા પછી જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં તેમની આસપાસના ૧૨ જોજન (માઈલોના માઈલો) વિસ્તારમાં કોઈ પણ અનિષ્ટ વર્તી શકતું નથી, જેમ કે : અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ ન હોય, રોગોનો ઉપદ્રવ ન થાય, વંટોળ ન ઉઠે, દુર્ગંધ પ્રસરે નહીં, વેર-ઝેર શમી જાય, વગેરે. અર્થાત્ જ્યાં જ્યાં પ્રભુ હોય ત્યાં ત્યાં સર્વ પીડાકારક અનિષ્ટોનું શમન થઈ જાય છે, અને તેઓ શુભ સ્વરૂપે પરિણમે છે. એટલે કે પ્રભુની આસપાસના વિસ્તારમાં શીતળ-શાતાકારી વાયુ વાય છે, પ્રમાણસર વૃષ્ટિ થાય છે, ચારે બાજુ સુગંધ પ્રસરે છે, અનાજ વગેરે પૂરતા પ્રમાણમાં હોઈને અછત ન હોય, નીરોગીતા પ્રસરે, કુદરતી પ્રકોપો ન થાય, જીવોમાં અરસપરસ મૈત્રી-પ્રેમ-વાત્સલ્ય હોય. ટૂંકમાં દ્રવ્યો અને પરિસ્થિતિ સુખરૂપ તથા શાંતિકારક પ્રવર્તે છે. પ્રભુની પવિત્રતાના પ્રભાવથી અનિષ્ટો પ્રભુને કે તેમની આસપાસના જીવોને પીડી શકતા નથી, અને સર્વ ઈષ્ટો પ્રભુની તેમ જ તેમની છાયામાં રહેનાર જીવોની સેવામાં રહે છે.

પરમાત્માને ભાવથી નમસ્કાર કરવાથી આપણામાં ગુણો પ્રગટ થાય છે અને દોષો દૂર થાય છે કારણ કે પરમાત્મા સ્વયં ગુણોથી પરિપૂર્ણ ભરેલાં છે અને દોષોથી સંપૂર્ણ મુક્ત છે. જેના સાન્નિધ્યમાં અને શરણમાં રહીએ તેના જેવા ભાવો આપણામાં આવે.

દોષોને કોઈએ પૂછ્યું કે તમે કેમ પ્રભુ પાસે જતા નથી ? તો દોષો કહે કે અમારું ત્યાં શું કામ છે ? તેઓ તો ગુણોનો જ સંગ્રહ કરીને બેઠા છે અને અમને શું બીજે ક્યાંય રહેવા નથી મળતું ? અરે ! અમારે તો રહેવા માટે સંસારમાં સર્વત્ર અવકાશ છે. સરાગી દેવ-દેવીઓએ પણ અમને આશ્રય આપ્યો છે. કર્મધારી ચારે ગતિના જીવો (એટલે આપણે સહુ) તો અમને તેમના હૃદયમાં અનંતકાળથી સાચવીને જ બેઠા છે ! વીતરાગી સર્વજ્ઞ કેવળી ભગવંતોએ અમને જાકારો દીધો છે પણ અમે કાંઈ નિરાધાર નથી.

અત્રે આચાર્યશ્રીએ 'નિરવકાશતયા' શબ્દ ખૂબીપૂર્વક પ્રયોજેલ છે. શબ્દાર્થ તો એટલો જ છે કે 'અવકાશ વિનાનું'. પરંતુ પરમાર્થ એમ છે કે પ્રભુના ગુણ એટલા અપાર છે કે તેના વડે કરીને 'આકાશ' (કે જેનું લક્ષણ 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના અધ્યાય-૨૮, ગાથા - ૯માં "દરેક પદાર્થને અવકાશ આપવાનું" કહ્યું છે) પણ પ્રભુના ગુણોથી છલકાઈ જઈને 'નિરવકાશ' બની જાય છે. આ અતિશય અલંકાર છે. જેથી દોષો કે જે અત્યાર સુધી વિષય-કષાયાદિનો આશ્રય લઈને મદોન્મત્ત બન્યા હતા અને આત્માના ગુણોને દબાવી દીધા હતા, તેમને હવે પરમાત્માના સારાયે આત્મપ્રદેશમાં ક્યાંય પગ મુકવા જેટલું પણ ઠેકાણું (આકાશ) રહેતું નથી ! તેથી પ્રભુની પાસે વાસ્તવિકપણે પ્રત્યક્ષ આવવાની હિંમત તો તે કરી શકતાં નથી, પણ સ્વપ્નમાં પણ તેમની પાસે ઢૂંકી (નજીક આવી) શકતા નથી ! જે કોઈ જીવાત્મા તીર્થંકર ભગવાનના સમાગમમાં આવે છે, તેને દુર્ગુણો આપોઆપ છોડવા માંડે છે અને જીવો પ્રભુના ગુણ ગ્રહણ કરીને મોક્ષમાર્ગને પામે છે.

મોક્ષનો માર્ગ એક જ છે. શ્રી જિને સહસ્ત્રગમે ક્રિયાઓ અને સહસ્ત્રગમે ઉપદેશો એ એક જ માર્ગ આપવા માટે કહ્યા છે અને તે માર્ગને અર્થે તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સફળ છે. કોઈ પણ ધર્મ સંબંધી મતભેદ રાખવો છોડી દઈ સમ્યક્ યોગે માર્ગ ગ્રહણ કરવાનો છે.

ભગવાન શ્રીકૃષ્ણે શ્રી ગીતાજીમાં ત્રણ મુખ્ય યોગ કહ્યાં છે : (૧) જ્ઞાનયોગ, (૨) નિષ્કામ કર્મ અથવા ક્રિયાયોગ અને (૩) ભક્તિયોગ. વર્તમાનમાં જીવોની મર્યાદા અને લક્ષણો જાણીને જ્ઞાનીઓએ ભક્તિને સરળ અને લોકભોજ્ય કહેલ છે. શ્રીમદ્જી

કહે છે કે, "ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે, અને સીધા માર્ગે ચાલ્યું જવાય; અન્ય વિકલ્પો મટે. આવો એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે" (ઉપદેશછાયા-૪).

ભક્તિ ભક્તને અમર (મૃત્યુંજયી, 'અબ હમ અમર ભયે ન મરેંગે' - આનંદઘનજી) બનાવે છે. ભક્તિયોગની સફળતા માટે નીચેના ૪ મુદ્દા સમજવા જરૂરી છે :

**૧. ભક્તિ શું છે ?** - ભક્તનો પરમાત્મા (અને સદ્‌ગુરુ) પ્રત્યેનો દિવ્ય, નિઃસ્વાર્થ, અચળપ્રેમ એ ભક્તિ છે. તેમાં પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણ છે. પ્રભુ સાથે અનુસંધાન છે.

**૨. ભક્તનો દૃષ્ટિકોણ :** અનાદિથી મારામાં અશુદ્ધિ (અને અપૂર્ણતા) છે. તે દૂર કરવા હું અસમર્થ છું. પ્રભુને પોકાર છે. પ્રભુ-ગુરુના આલંબન અને કૃપાથી શુદ્ધિ થશે.

**૩. ભક્તની સાધના :** પોતાના અહંકારને નમાવી પ્રભુ-ગુરુની શરણાગતિનો સ્વીકાર. ભક્તનો નિઃસ્વાર્થ પ્રેમ એ તેનું પરમ સાધન છે. સાધન અને કર્તાપણાનો અહંકાર નથી. હું કાંઈ જ જાણતો નથી એવો અભિગમ. 'હું પામર શું કરી શકું ?' એવો વિનય અને વિવેક. સરળતા અને જાગૃતિપૂર્વકની ભક્તિ. દરેક પ્રવૃત્તિની પાર્શ્વભૂમિમાં પ્રાર્થના અને નમ્રતા.

**૪. પરમાત્મા પ્રાપ્તિની રીત :** પ્રભુનું દર્શન-દશા-બોધનું સમજણપૂર્વક અવલંબન. આ રીતમાં પ્રેમ અને પોકારની પકડ (જોશ + હોશ) છે. આ રસ્તામાં બહારના નકશા કરતા અંદરની અંતરજ્યોતિ માર્ગ અજવાળે છે. અકર્તુત્વના ભાવ સહિત સતત જાગૃતિ સાથે ભક્તની પ્રભુ પ્રત્યે દૃષ્ટિ છે. ભક્ત પરમ સાથે જોડાઈને ઈશ્વરના ઐશ્વર્ય (દિવ્યતા, અંતરાનંદ, શુદ્ધતા)નો અનુભવ કરે છે. કોઈ પ્રતિબંધ વિના પરમહંસ દશામાં ઝુલે છે.

સાંપ્રતકાળમાં ઘણા આચાર્ય ભગવંતો ભક્તિમાર્ગની પ્રશંસનીય આરાધના કરે છે. હમણા જ થઈ ગયેલ પૂ.આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિજી તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. વર્તમાનમાં વિચરતા પૂ. આચાર્ય શ્રી યશોવિજયસૂરિજી ખૂબ ભક્તિપ્રધાન છે, જાણે સાક્ષાત્ ભક્તિએ દેહ ધારણ કર્યો હોય !

અહીં સૂરિજી સાકાર પરમાત્માની સ્તવના પૂર્ણ કરીને નિરાકાર પરમાત્માની ઉજ્જવળ પ્રભાના ચિંતનમાં એટલે આત્માના મૂળ સ્વરૂપ-સત્તામાં લીન થાય છે. આ ગાથામાં ગુણ-દોષ વચ્ચે ભેદજ્ઞાનપૂર્વકની ભક્તિ છે. દોષની હાનિ અને ગુણની વૃદ્ધિ તે સાચી ભક્તિનું ફળ છે. અહીં એ સિદ્ધાંત આવી ગયો કે સમ્યક્ત્વાદિ ગુણોનો જ આશ્રય થવાનો આત્માનો સ્વભાવ છે. રાગાદિ દોષોનો આશ્રય થાય એવો આત્માનો સ્વભાવ નથી, તે તો પરાશ્રિત ભાવો છે. આમ સમજીને હે ભગવન્ ! અમે સ્વભાવ આશ્રયે ગુણ પ્રગટ કરીએ છીએ, ને પરાશ્રિત એવા દોષભાવોને આત્મામાંથી દૂર કરીએ છીએ. આ જ આપની પરમાર્થભક્તિ છે. ભગવાનનો એવો પ્રતાપ છે કે દોષો નાશ પામી જાય. ભગવાનમાં દોષ નહિ, ને દોષ ત્યાં ભગવાન નહીં. માનતુંગાચાર્યે સર્વજ્ઞદેવની ભાવસ્તુતિ કરી છે. સાથે સાથે કુદેવોને દોષના આયતન (રહેવાનું સ્થાન) ને ગુણના અનાયતન (અન્ આયતન) પણ સિદ્ધ કર્યા છે. દોષના આધાર તો જગતમાં ઘણાય છે, પણ ગુણોનો આધાર તો હે જિનેશ્વર ! આપ એક જ છો.

અંતમાં સર્વ જીવ સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્માના આશ્રયે ગુણો પ્રગટાવીને દોષોનો પરિહાર કરે તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# સમ્યક્જ્ઞાન

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય

કોઈ સમ્યક્જ્ઞાની પુરુષના ઘનિષ્ટ સત્સંગથી અથવા વીતરાગ શ્રુતરૂપ આગમના ગહન અભ્યાસથી સર્વપ્રથમ જીવાદિ તત્ત્વોને જેવા છે તેવા જ જાણવા જોઈએ. પછી તે તત્ત્વોને સુયુક્તિરૂપી તર્કની કસોટી ઉપર રાખીને પોતાના બુદ્ધિબળથી યથાર્થ પરખવાં જોઈએ. અહીં સુધી જ્ઞાન બૌદ્ધિક સ્તર ઉપર પરિપક્વ થઈ જાય છે. અહીંયા તે પ્રબુદ્ધજ્ઞાની નામ પ્રાપ્ત કરે છે. હવે, આગળ તેને સ્વાનુભવ પ્રત્યક્ષ કરે છે, જેથી તે સમ્યક્જ્ઞાની નામ પામે છે, જેની પ્રક્રિયા આ પ્રમાણે છે :- સમ્યક્જ્ઞાનનો અભિલાષી સાધક જ્ઞાની અથવા આગમથી પ્રાપ્ત જીવાદિ તત્ત્વ વિષયક જ્ઞાનને હેય, જ્ઞેય તથા ઉપાદેયરૂપ વિભાગ કરીને ઉપાદેયરૂપ સ્વશુદ્ધાત્મજ્ઞાન તેની તરફ અભિમુખ થવા માટે પ્રાપ્ત મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનને ઈન્દ્રિયવિષયો તથા મનના વિકલ્પોથી હટાવીને સહજ જ્ઞાન-દર્શન સ્વભાવી આત્મા પર કેન્દ્રિત કરે છે. અન્ય વિકલ્પો છૂટી જવાથી અત્યંત એકાગ્રતા તથા નિર્મળતા થવાથી સાધકને પરમ આહ્લાદ રૂપ પરિણામોની અનુભૂતિ થાય છે. આને જ સ્વસંવેદનજ્ઞાન કહે છે. અહીંયા જીવતત્ત્વનું જ્ઞાન જે પૂર્વમાં જ્ઞાની ગુરુ તથા આગમાભ્યાસથી નિર્ણીત કર્યું હતું તે હવે સંપૂર્ણરૂપથી સંશય, વિમોહ તથા વિપર્યાસથી રહિત થતું પ્રબુદ્ધજ્ઞાનમાંથી સમ્યક્ જ્ઞાન થઈ જાય છે. જીવતત્ત્વનું જ્ઞાન સમ્યક્ થવાથી બાકીના અજીવાદિનું જ્ઞાન સ્વયમેવ સંશય, વિમોહ, વિપર્યાસ દોષોથી રહિત થઈ સમ્યક્ થઈ જાય છે. આ રીતે તે સાધક હવે મોક્ષસાધક સમ્યક્જ્ઞાનને ઉપલબ્ધ થાય છે.

**★ સમ્યક્જ્ઞાનનું ફળ :**

**સ્વપરનો વિવેક તથા પરમાં વિરક્તિ થવી આ બંન્ને સમ્યક્જ્ઞાનનું પ્રધાન ફળ છે.** જે સ્વદ્રવ્ય તથા પર દ્રવ્યનો વાસ્તવિક ભેદ જાણે છે તેને જ વિવેકવાન કહે છે. સ્વ-પરનો ભેદ જાણવા માત્રથી આત્માની સિદ્ધિ નથી, પણ એવું જાણીને પરદ્રવ્યોથી વિરક્ત થઈ સ્વમાં સ્થિર થતાં જ વાસ્તવિક આત્મસિદ્ધિ છે. આ કાર્ય જ જ્ઞાન કરે છે અને આ જ જ્ઞાનનું પરમ ફળ છે. જ્ઞાનનું અમૃતફળ બતાવતા અધ્યાત્મ કવિવર્ય પં.શ્રી દૌલતરામજી 'છ ઢાળા' કાવ્યમાં લખે છે કે,

**જ્ઞાન સમાન ન આન, જગત મેં સુખ કો કારણ,**
**ઈહ પરમામૃત જન્મ-જરા-મૃતુ, રોગ નિવારણ.**

અર્થાત્ આ જગતમાં જ્ઞાન સમાન સુખકારી અન્ય કોઈ પદાર્થ નથી. આ જ્ઞાન જન્મ, જરા, મૃત્યુરૂપી રોગોનો નાશ કરનાર પરમામૃત છે. આગળ કહે છે કે,

**કોટી જન્મ તપ તપૈ, જ્ઞાન બિન કર્મ ઝરે જે,**
**જ્ઞાની કે છિન માંહિ, ત્રિગુપ્તિ તૈ સહજ ટરૈ તે.**

અર્થાત્ અજ્ઞાની જીવ કરોડો જન્મ તપ કરીને જે કર્મ બાળે છે તેટલા કર્મોને સમ્યક્જ્ઞાની મુનિ ત્રિગુપ્તિ દ્વારા પોતાના જ્ઞાનબળથી ક્ષણ માત્રમાં સહજ જ નાશ કરી દે છે. આગળ કહે છે કે,

**મુનિવ્રત ધાર અનંતબાર, ગ્રીવક ઉપજાયૌ,**
**પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.**

અર્થાત્ મિથ્યાજ્ઞાન સહિત થઈને અનંતવાર આ જીવ ગ્રૈવેયક સ્વર્ગોમાં પણ ઉત્પન્ન થયો, પરંતુ ત્યાં પણ આત્મજ્ઞાન વિના આત્મસુખ લેશપણ ન પામી શક્યો. ઊલટો દિવ્ય વિષયસુખમાં મગ્ન થઈ

વ્યાકુળ થતો નવીન સંસાર જ વધાર્યો. ફરી કહે છે કે,

**જે પૂરવ શિવ ગયે, જાહિં અરૂ આગે જૈ હૈ,**
**સો સબ મહિમા જ્ઞાન તની, મુનિનાથ કહે હૈ.**

અર્થાત્ જે મહાત્મા પૂર્વમાં મોક્ષે ગયા તથા જેઓ આગળ પણ જશે તે બધા આ સમ્યક્જ્ઞાનના પ્રસાદથી જ ગયા છે એવું જિનેન્દ્રદેવ કહે છે. સમ્યક્જ્ઞાનની મહિમાનું મંડન કરતા અપ્રમત્તયોગી શ્રીમદ્ શુભચંદ્રાચાર્ય મહાન ગ્રંથ 'જ્ઞાનાર્ણવ'માં કહે છે કે,

**दुःखज्वलनतप्तानां संसारोग्रमरुस्थले ।**
**विज्ञानमेव जन्तुनां सुधाम्बु प्रीणनक्षमः ॥१२॥**

અર્થાત્ આ સંસારરૂપી ઉગ્ર મરૂસ્થળમાં દુઃખરૂપ અગ્નિથી તપ્તાયમાન જીવોને આ સત્યાર્થ જ્ઞાન જ અમૃતરૂપ જળથી તૃપ્ત કરવા સમર્થ છે.

**निशांतं वृद्धि निस्त्रिंशं भवारातिनिपातने ।**
**तृतीयमथवा नेत्रं विश्वतत्त्वप्रकाशने ॥१५॥**

અર્થાત્ જ્ઞાન જ સંસારરૂપી શત્રુને નિપાત (નષ્ટ) કરવા માટે તીક્ષ્ણ ખડગ છે અને જ્ઞાન જ સમસ્ત તત્ત્વોને પ્રકાશિત કરવા માટે ત્રીજું નેત્ર છે. ફરી જ્ઞાનાધિકારના ઉપસંહારરૂપે કહે છે કે,

**दुरिततिमिरहंसं मोक्षलक्ष्मीसरोजं,**
**मदनभुजंगमंत्र चित्तमातङ्ग, सिंह ।**
**व्यसनघनसमीरं विश्वतत्त्वैकदीपं,**
**विषयशफरजालं ज्ञानमाराधय त्वं ॥**

અર્થાત્ હે ભવ્ય જીવ ! તું જ્ઞાનનું આરાધન કર, કારણ કે જ્ઞાન પાપરૂપી તિમિરને નષ્ટ કરવા માટે સૂર્ય સમાન છે, મોક્ષરૂપી લક્ષ્મીના નિવાસ માટે કમળ સમાન છે, કામરૂપી સર્પ માટે કિલીત કરવાના મંત્ર સમાન છે, મનરૂપી હાથી માટે સિંહ સમાન છે, કષ્ટરૂપી મેઘોને ઉડાડવા માટે પવન સમાન છે, સમસ્ત તત્ત્વોનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે તથા વિષયરૂપી માછલીઓને પકડવા માટે જાળ સમાન છે.

આ રીતે બીજા પણ સર્વ સંત-મહંતોએ સમ્યક્જ્ઞાનનો અપૂર્વ મહિમા અને તેના ફળને દર્શાવ્યા છે, જેને જાણીને આ પવિત્ર જ્ઞાન તત્ત્વ પર અહોભાવ લાવીને સદૈવ તેનું સેવન તથા આચરણ કરવું જોઈએ. આ જ માનવજન્મની સાર્થકતા છે.

**★ ઉપસંહાર :**

આ આલેખમાં જ્ઞાનતત્ત્વથી સંબંધિત લગભગ સર્વ પક્ષો યથા જ્ઞાનની વ્યાખ્યા, જ્ઞાનનું લક્ષણ, જ્ઞાનની પ્રવૃત્તિ, જ્ઞાનના ભેદ, સમ્યક્જ્ઞાન, સંશયાદિ ત્રિદોષ, સમ્યક્જ્ઞાનના આઠ અંગ, જ્ઞાનના સાધન-પ્રમાણ, નય, નિક્ષેપ, સ્યાદ્વાદશૈલી, સમ્યક્જ્ઞાન પ્રાપ્તિના ઉપાય, સમ્યક્જ્ઞાનનું ફળ આદિનું સંક્ષેપમાં પરંતુ અત્યંત પ્રયોજનભૂત તથા સાધના માટે આવશ્યક પર્યાપ્ત જ્ઞાનસામગ્રીનું આલેખન કર્યું છે. લક્ષ્ય માત્ર મોક્ષાર્થી સાધકોને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય અને આ જ્ઞાનના માધ્યમથી ચારિત્રભાવનું પ્રાગટ્ય કરીને વીતરાગદશાને પ્રાપ્ત થઈ જવું એટલું જ છે. જો કે અમે આમાં આગમના મૂળભૂત સિદ્ધાંતો અનુસાર જ સર્વ કથન કર્યું છે, તો પણ વિષય અત્યંત ગૂઢ હોવાથી તથા સ્વયંની તથારૂપ પાત્રતા ન હોવાથી ત્રુટિ રહેવી સંભવિત છે. એ માટે સુજ્ઞજનો ત્રુટિઓને સુધારીને ભાવ ગ્રહણ કરે તથા અમને ક્ષમાપાત્ર સમજીને ક્ષમા કરે. અમે આશા તથા પ્રાર્થના કરીએ છીએ કે આ 'જ્ઞાનતત્ત્વ' આલેખનનો આ વિનમ્ર પ્રયાસ આપ સર્વ સાધકોને સમ્યક્જ્ઞાનની આરાધનામાં અત્યંત ઉપયોગી સિદ્ધ થાય. અંતમાં અધ્યાત્મ કવિવર્ય પં. દૌલતરામજીની બે માર્મિક પંક્તિઓ સાથે લેખનની પૂર્ણાહુતિ કરીએ છીએ -

લાખ બાત કી બાત, યહૈ નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥
॥ ૐ शांतिः शांतिः शांतिः ॥

# પર્યુષણ પર્વ - આપણું લક્ષ્ય શું ? ચૈતન્ય આત્માનો અનુભવ

**વલભજી હીરજી 'કેવલ'**

જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું ? પર તરફના વિકલ્પો છોડી રાગનો અભાવ કરી મતિને અંતરમાં જોડવી. પૂર્ણ જ્ઞાનાનંદ આત્મામાં મતિ - શ્રુતને જોડવાં. તેથી ભ્રાંતિગત અજ્ઞાનદશાનો નાશ થશે. મિથ્યાત્વનો નાશ થશે કે જે દુઃખનું મૂળ છે. જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષા તથા પાપ ભાવો છોડવાં પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડવી પડશે. જ્ઞાન-સ્વરૂપી આત્માને જ્ઞાન પરિણતિથી જાણ. એ સિવાય ત્રણકાળમાં આત્મા જાણવામાં આવશે નહીં. સહજ જ્ઞાયક નિજ તત્ત્વને સમજવાનો, નિર્ણય અને અનુભવ કરવાનો મોકો મનુષ્યપણામાં મળ્યો. જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. મિથ્યાત્વ આદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે. શુદ્ધ જીવ કર્તા નથી.

જૈન દર્શન અકર્તાવાદ છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી જ, રાગનો પણ કર્તા નહિ અને પર્યાયનો પણ કર્તા નહિ. પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને આત્મદ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. જીવ પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને આત્મદ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે એ જૈન દર્શન છે. સિદ્ધગતિ એનું ફળ છે. ચૈતન્યમૂર્તિ આત્મા પરમાનંદસ્વરૂપ છે. તેના ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે. તેનો આદર કરીને આશ્રય કરતા અનુભૂતિ થાય છે તે એક જ કર્મથી છૂટવાનો ઉપાય છે. જ્ઞાયક શુદ્ધ સ્વભાવનો સ્વીકાર કરવો એ જ જીવનું કર્તવ્ય છે. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી ભિન્ન પોતાના પૂર્ણજ્ઞાનસ્વભાવી આત્માની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને સાથેનું જ્ઞાન સમ્યક્‌જ્ઞાન છે. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે તે છોડી શુદ્ધ જ્ઞાયક આત્માને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખતાં સમ્યગ્દર્શન રહે છે.

આત્મા માત્ર જાણે - દેખે છે. પરનું તો કંઇ કરતો નથી. જે થાય તેનો માત્ર જાણનાર... જાણનાર ને જાણનાર જ આત્મા છે. જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે. એ નિશ્ચય છે. 'કરું કરું'ની દૃષ્ટિ છોડવાની છે. એકાંત પુરુષાર્થદૃષ્ટિ રહે તે પણ મિથ્યાત્વ છે. જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે, છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે - એવી એકત્વ બુદ્ધિ કરે છે તે ભૂલ છે. દ્રવ્યદૃષ્ટિમાં આત્મા જ્ઞાયક જ છે. તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી. બાળકથી માંડીને વૃદ્ધને, સર્વને જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વ પર પ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તે જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે.

આત્મવસ્તુ અબંધસ્વરૂપ છે. તેને દૃષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે. નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા આત્મવસ્તુ દૃષ્ટિમાં આવે છે. આત્મવસ્તુથી શરીરાદિ પરદ્રવ્યો તો ભિન્ન છે જ પણ મિથ્યાત્વ રાગ-દ્વેષના જે પરિણામ છે તે એવા આત્માથી ભાવે ભિન્ન સ્વરૂપે છે. પુણ્ય - પાપ ભાવ તે આત્માથી ભાવે ભિન્ન છે. ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. આત્મા અને શરીરની એકત્વબુદ્ધિને છોડ. કેમ કે આત્માના એકેય ગુણ શરીરમાં નથી. આત્મા કદી પોતાનું ઉપયોગપણું છોડીને શરીરપણે થતો નથી. આત્મા અને શરીર સદાય અત્યંત જુદાં જ છે. આત્માના ચૈતન્યનો વિલાસ દેહથી જુદો છે. ઉપયોગને પલટાવીને આત્મામાં વાળતાં પર સાથે એકતાબુદ્ધિરૂપ મોહ છૂટી જશે ને પરથી ભિન્ન ચૈતન્યતત્ત્વ આનંદના વિલાસ સહિત અનુભવમાં આવશે અને ચૈતન્યના સુખનો અનુભવ થશે.

● ● ●

# અલૌકિક પર્વ

વિભાબેન એસ. મહેતા

જિનેશ્વર ભગવંતે પ્રવર્તાવેલા જૈનધર્મનું આચરણ કરતાં જૈનધર્મીઓનો સૌથી મોટો તહેવાર છે પર્યુષણ. જૈન શાસનમાં પર્વો તો અનેક છે, પણ કર્મના મર્મને ભેદનારું પર્યુષણ જેવું એકેય પર્વ નથી. એટલે જ આ પર્વને પર્વાધિરાજ કહેવામાં આવ્યું છે. પર્યુષણ એટલે આત્મભાવની નિકટ રહેવું - આત્મામાં રમમાણ રહેવું. અનેક પ્રકારના કષાયો અને વિકારોથી શાંતિ પામી ધર્મકાર્યોમાં મનને પરોવવાનું આ મહાન મંગલકારી પર્વ છે.

દરેક ધર્મના નીતિનિયમો હોય છે. જૈન ધર્મમાં પણ આપણા પૂર્વે થયેલાં આચાર્યોએ નિયમો બનાવ્યાં છે, પરંતુ સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિમાં સપડાયેલાં પામર મનુષ્ય માટે આ નિયમો સર્વદા અને સર્વથી પાળવા મુશ્કેલ છે. તેથી જ આચાર્ય ભગવંતો તથા સંત-મહાત્માઓએ વર્ષના અમુક દિવસો વિશિષ્ટ ઠેરવ્યાં છે. આબાલવૃદ્ધ આ દિવસો દરમ્યાન સંસારથી દૂર રહી તપ, ત્યાગ, સંયમ, પૂજાપાઠ દ્વારા વિવિધ અનુષ્ઠાનો કરી પ્રભુમય બની ધર્મમાં ઉલ્લાસભાવે તલ્લીન બને છે. આખા વર્ષ દરમ્યાન કોઈપણ સાધના ન કરનાર વ્યક્તિ ગુરુ ભગવંતોની નિશ્રામાં યથાશક્તિ તપ, દાન, સામાયિક, પ્રતિક્રમણની ક્રિયા કરી આરાધનામાં પ્રવૃત્ત થાય છે.

પર્યુષણના આ પવિત્ર આઠ દિવસોમાં સાધુ ભગવંતો શાસ્ત્રોનું વાંચન કરે છે. શ્રાવકે આખા વર્ષ દરમ્યાન કરવા જરૂરી કર્તવ્યોને વિસ્તૃતપણે સમજાવવામાં આવે છે. જૈન ધર્મીઓ સામાન્યતઃ સમગ્ર વર્ષ દરમ્યાન તપ, સામાયિક, પ્રતિક્રમણ તથા દૈનિક ભક્તિ કરી આત્મ સન્મુખ થવા કોશિશ કરતો વ્યવહાર કરે છે, પરંતુ વિશેષરીતે પર્યુષણપર્વના સળંગ આઠ દિવસ દરમ્યાન પુનિતપર્વનું વિશિષ્ટ રીતે આરાધના દ્વારા સમગ્ર જીવનને ધન્ય બનાવી પોતાના આત્માની સન્મુખ આવે છે. આ મહાપર્વ દરમ્યાન જ્ઞાનની આરાધના, જિનપૂજા, જિનદર્શન અનિવાર્ય ક્રિયા ગણાય છે. તો પ્રતિક્રમણ પર્વાધિરાજનું અનિવાર્ય અંગ છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરવું. આ ઉપરાંત સાધર્મિક વાત્સલ્ય, તપશ્ચર્યા, જીવોને અભયદાન આપવું, દયા પાળવી, દાન દેવું, પાપકર્મ ન કરવું, અશુભવાણી કે કટુવાણી ન ઉચ્ચારવી, પરસ્પર ક્ષમાપના કરવી આદિ ધાર્મિક ક્રિયાઓ આ દિવસો દરમ્યાન મુમુક્ષુઓ અવશ્ય આચરે છે.

જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત છે - અહિંસા. મન, વચન કે કાયાથી કોઈપણ જીવને શારીરિક કે માનસિક દુઃખ કે હાનિ પહોંચાડો એ હિંસા જ ગણાય છે. પૃથ્વી પર વિચરતાં નાનામાં નાના જીવની રક્ષા કરવાનો જૈન ધર્મમાં ઉપદેશ આપવામાં આવ્યો છે. મહાવીર ભગવાને 'અહિંસા પરમો ધર્મ'નું સૂત્ર આપ્યું છે. જેમ આપણને જીવવાનો અધિકાર છે તેમ અન્ય જીવોને પણ જીવન જીવવાનો અધિકાર છે. માટે જૈન ધર્મમાં જીવદયાને પ્રાથમિકતા આપવામાં આવી છે. 'જીવો અને જીવવા દો' એ સૂત્ર જૈનીઓએ અપનાવી લીધું છે.

પર્યુષણ પર્વના પ્રથમ ચાર દિવસો દરમ્યાન મુમુક્ષુઓ વિવિધ અનુષ્ઠાનો કરી ધર્મ પ્રત્યેની પોતાની ભાવનામાં વૃદ્ધિ કરે છે. પર્વનો પાંચમો દિવસ એટલે ભગવાન મહાવીર જન્મવાંચનનો દિવસ. સૌથી વિશેષ ઉલ્લાસ અને આનંદથી પર્વનો આ દિવસ વ્યતીત થાય છે. ઉપાશ્રયો અને દેરાસરોમાં કલ્પસૂત્રનું વાંચન થાય છે. ભગવાનના જન્મદિવસનું વર્ણન આચાર્ય-ભગવંતોની મુખવાણીથી સાંભળી ભક્તો ભાવ-વિભોર થઈ અહોભાવ વ્યક્ત કરે છે. ત્રિશલામાતાને આવેલા ચૌદ (આમ્નાયભેદે સોળ) સ્વપ્નોનું વર્ણન કરી તે બધા ચિહ્નોની ભાવપૂર્વક ભક્તિ કરવામાં આવે

છે અને પ્રભુજીને પારણામાં ઝૂલાવવામાં આવે છે. આમ, ધર્મક્રિયા આગળ વધારતાં વધારતાં પર્વોના દિવસો ભક્તિમય - આરાધનામય - તપશ્ચર્યામય પસાર થાય છે.

પર્યુષણ મહાપર્વનો અંતિમ દિવસ સંવત્સરીનો છે. જૈનો માટે આ દિવસ વર્ષનો મોટામાં મોટો દિવસ છે. સંવત્સરી એ ક્ષમાપનાનું મહાન પર્વ ગણાય છે. જૈન ધર્મની વિરલ સિદ્ધિ છે કે સદૈવ ક્ષમાપના યાચીને અન્યની ક્ષમા પણ સદ્‌ભાવપૂર્વક, સમતાના ભાવ સાથે સ્વીકારે છે. શુદ્ધ મનની ભાવનાથી જ માનવી અંતરદૃષ્ટિ કેળવી ભીતરમાં ઝાંખી શકે છે. અને એકવાર જો ભીતરમાં નજર પડી જાય તો ભીતર રહેલાં શત્રુઓને ઓળખવાં સુગમ થઈ જાય. પર્યુષણનું હાર્દ છે કે બહારના શત્રુઓને માફ કરી, ભીતરના શત્રુઓનો સફાયો કરવો. વિશ્વમાં ક્ષમાપનાનું અલગ કોઈ પર્વ મનાવવાનું સૂચવાયું હોય તો તે માત્ર જૈનધર્મમાં છે. જાણ્યે - અજાણ્યે કોઈ પણ વ્યક્તિ કે જીવ પ્રત્યે થયેલી ભૂલ બદલ ક્ષમા યાચવામાં આવે છે. આપણી રોજબરોજની જીવનશૈલીમાં જાણતાં કે અજાણતાં ક્રોધ, દ્વેષ, આંતરિક ઝગડા જેવા અણબનાવો બનવા પામે છે, તેનો એક મહાન ઉપચાર જૈનધર્મમાં આપવામાં આવતી ક્ષમાનો છે. ક્ષમાને મોક્ષના ભવ્ય દરવાજા તરીકે શ્રીમદ્ રાજચંદ્રજીએ ઓળખાવેલ છે. જેણે આરાધનાની, આત્મઉન્નતિની ઈમારત ચણવી હોય તેણે ક્ષમાનો પાયો નાખવો જ પડશે. ક્ષમા સમાન કોઈ તપ નથી. વેરનું વાવેતર ન કરશો, પણ ગુલાબરૂપી ક્ષમાનું જો વાવેતર કરશો તો તેની ચારે બાજુ સુવાસ મહેંકી ઊઠશે અને જીવનની મોસમ પણ ખીલી ઊઠશે.

આઠ દિવસ પર્વાધિરાજ પર્યુષણમાં સંયમપૂર્વક આત્મસાધનામાં ગાળી મુમુક્ષુઓ સમગ્ર વર્ષ દરમ્યાન સૌ પ્રત્યે મૈત્રીભાવ, ક્ષમાભાવ, સમભાવ અને સદ્‌ભાવ રાખી જીવન-નિર્વાહ કરવાનો સંકલ્પ કરે છે. આ પર્વ દાન અને દયા, ત્યાગ અને તપશ્ચર્યા, મૈત્રી અને ક્ષમા, સંયમ અને સમર્પણ, ભક્તિ અને ભાવના દ્વારા આત્મનિરીક્ષણ કરી મુક્તિના પંથે વિચરવાનું આ અમોઘ પર્વ છે.

• • •

## પધાર્યા પર્યુષણ પર્વ

**— મંજુલાબેન એ. બોટાદરા**

પરમાત્માનો પાવન પૈગામ પહોંચાડવા પધાર્યા પર્યુષણ પર્વ. તેનું દયા, દાન, સેવા, તપ કરીને કરીએ સ્વાગત.

વિલાસીજીવનનો વાયરો વિખેરવા, ભોગી જીવનના ભવભ્રમણ ભાંગવા, માનવજીવનને સફળ બનાવવા - પધાર્યા પર્યુષણ પર્વ.

વેરવિરોધ અને કટુવાણીની વાદળી વિખેરવા, અસત્ય-અશાંતિની આગને ઠારવા, સમતા-રસના પાન કરાવવા - પધાર્યા પર્યુષણ પર્વ.

પરિગ્રહની તૃષ્ણા શાંત કરવા, દાનનો દીવડો ઝગમગાવવા, સેવા-તપ અમૃતનું પાન કરાવવા - પધાર્યા પર્યુષણ પર્વ.

છકાય જીવોને અભયદાન અપાવવા, મોજશોખ ને હોટેલના ખાનપાન છોડાવવા, કર્મમુક્તિનો માર્ગ બતાવવા - પધાર્યા પર્યુષણ પર્વ.

શ્રદ્ધાની મધુર ક્ષણોમાં સ્વાધ્યાય-ધ્યાન-તપના અક્ષતે સ્વાગત કરીએ. સંવત્સરીની પાવન સંધ્યાએ સહુને વારંવાર ખમતખામણા કરીએ.

ઉદાર હૃદયે સ્વીકારજો મારી ક્ષમાનું નીર. અનાદિકાળના કર્મોને હંફાવવા પ્રતિદિન બની રહે મહાપર્વની આરાધના.

# પર્વાધિરાજ આપે મુક્તિના રાજ

પારૂલબેન બી. ગાંધી

વિભાવમાં વીંટળાયેલો આત્મા વિષય-કષાયમાં બળી રહ્યો છે. વાસનાનો વાવંટોળ જીવનને અસ્તવ્યસ્ત કરી રહ્યો છે. જગતના ઝેરી વાતાવરણમાં અજ્ઞાનની ગાઢ નિદ્રામાં જીવ પોઢી રહ્યો છે તેવા સમયે આત્માને જગાડવા, આરાધનાના અમીછાંટણા દ્વારા આત્માને શીતલીભૂત બનાવવા, વિષય-કષાયના નિરંકુશ ઘોડાઓ પર લગામ કસવા પનોતા પર્યુષણ પર્વ પધારી રહ્યા છે. પર્યષણ પર્વ એ આત્માને અષ્ટ કર્મના બંધનમાંથી મુક્ત કરી શકે છે. અષ્ટગુણ પ્રાપ્ત કરાવી, આઠ મદ ગાળી, અષ્ટપ્રવચન માતાના ખોળે ખેલવાનું આહ્‌વાન આપે છે. પર્વાધિરાજ આરાધનાની આલબેલ પોકારી જીવને કહે છે કે હવે ભાવનિદ્રા ત્યાગો, કારણ આત્માની કમાણી માનવભવ સિવાય ક્યાંય નથી. પાણીનો પુષ્કળ પ્રવાહ વહેતો હોય ત્યાં બીજ વાવીએ તો તે ધોવાઈ જાય. અત્યંત ક્ષારયુક્ત જમીનમાં બીજનું વાવેતર કરાય તો તે વેડફાઈ જાય પરંતુ કાળી માટીમાં બીજનું વાવેતર કરવામાં આવે તો એકના અનેક દાણા થાય.

આત્માને માટે દેવભૂમિ એ પાણીનો વહેતો પુષ્કળ પ્રવાહ છે, જ્યાં પુણ્યનો ભોગવટો થાય પણ પુણ્યની કમાણી, પાપની નિર્જરા ન થાય. નરકગતિ એ ક્ષારવાળી જમીન સમાન છે, જ્યાં દુઃખમાં દીન બનેલો આત્મા માત્ર દુઃખનું વેદન જ કરે છે. પડતર જમીન સમાન તિર્યંચગતિમાં પણ આત્મઉત્થાનની તકો ઘણી સીમિત છે. જ્યારે કાળી માટી સમાન માનવભવમાં આત્મોન્નતિની તક રહેલી છે. જો શ્રદ્ધારૂપી બીજનું વાવેતર કરી, તપ-ત્યાગ દ્વારા આત્મિક ગુણોને પ્રાપ્ત કરવાં હોય, જીવનબાગને મઘમઘતો બનાવવો હોય તો એકવાર દ્રવ્ય-ભાવ નિદ્રામાંથી જાગીને આરાધના કરી લો. અંતરમાં આવકારી લો. માનવભવ મળ્યો છે ત્યારે એવું વાવેતર કરી લે કે સીધું મોક્ષરૂપી ફળ ચાખવા મળી જાય. પર્યુષણ પર્વ લોકોત્તર પર્વ છે કે જેની પાછળ ભૌતિક નહિ, આધ્યાત્મિક ઉન્નતિની દૃષ્ટિ છે. તેમાં ઈન્દ્રિયોનું પોષણ અને રાગ-રંગ નહિ પરંતુ ઈન્દ્રિયોનું શોષણ અને તપ-ત્યાગ રહેલાં છે. દેહની ઉજાણી નહિ, આત્મઆરાધનાની ઉપાસના રહેલી છે. ધામ-ધૂમને ધમાલ નહિ, ધર્મ-ધ્યાન અને શાંતિ રહેલી છે. ૧૧ મહિના ૨૨ દિવસ મનના ઘોડાને બેલગામ ફાવે ત્યાં દોડાવ્યો, હવે આઠ દિવસ બરાબર લગામ કસીને મુક્તિમંજિલે પહોંચવું છે. દેહના ડામચિયાને આજ સુધી ખૂબ શણગાર્યો, હવે આત્માને આરાધનાનો ઓપ ચડાવી પરમાત્મા બનાવવો છે. વરસનો સાર ચાતુર્માસ, ચાતુર્માસનો સાર પર્યુષણ, પર્યુષણનો સાર સંવત્સરી, સંવત્સરીનો સાર આલોચના, આલોચનાનો સાર પ્રતિક્રમણ અને પ્રતિક્રમણનો સાર મિચ્છામિ દુક્કડં.

આ દિવસોમાં આરાધના એવી કરવાની છે કે કષાયોના વેરી થઈ જવાય. તપ-ત્યાગ-જ્ઞાન-દર્શનની એવી આરાધના કરીએ કે આ ચાર ગતિમાં ફરી ફેરા ન રહે. જેમનાથી તપ-ત્યાગ-જ્ઞાન-ધ્યાન ન થાય તે મગજને આઈસ ફેક્ટરી અને જીભને સુગર ફેક્ટરી બનાવી દેજો, જેથી સ્વર્ગ આ ધરતી પર ઉતરી આવે. જેવી રીતે પાણીના પાંચ ગુણ છે ૧. શીતલતા, ૨. નિર્મળતા, ૩. તૃષા છિપાવે, ૪. અગ્નિ ઓલવે, ૫. અનાજ ઊગાડે, તેવી રીતે જિનેશ્વર દેવની વાણી પણ અગણિત ગુણભરેલા અમૃતરસના ઝરણા છે. તેનો ઘૂંટ માત્ર પીવાથી આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ અગ્નિ શાંત થાય છે. મન

શાંતરસમાં ડૂબી જાય છે. આત્મા પર લાગેલાં કર્મમળના પોપડા ઉતરી જતાં નિર્મળ બની જાય છે. ભવોભવથી જે જ્ઞાનપિપાસા જાગી છે તે શમી જાય છે અને બોધિબીજના આત્મામાં વાવેતર થાય છે. વળી, વિષય-કષાય-રાગ-દ્વેષના અગ્નિને ઓલવી - કચરાને કાઢી આત્માને નિર્મળ બનાવનારી જિનવાણી મોહની નિંદ્રામાંથી જગાડી, અહિંસા-સંયમ-તપરૂપી ચારિત્રધર્મની પ્રાપ્તિ કરાવનારી છે. આ માનવભવ મળ્યો છે તો માનવતાના ગુણને ખીલવીએ. અંતરના ઊંડાણમાં ડૂબકી મારી આત્મસ્વરૂપને નિહાળીએ. ભગવાનના શાસનમાં આસન જમાવવું હશે તો અંતરમાં જિનવાણીને ઊતારી આચારમાં ક્રિયાવંત કરવી પડશે. શાસનમાં આસન જમાવવા માટે સમજણની સાવરણી લઈ, પાપ-દોષનું પ્રક્ષાલન કરવું પડશે. જેને એ કચરો કાઢતાં આવડશે તે જ સારા-નરસાનો ભેદ પારખી આત્માને પરમાત્મા બનાવનારું ચારિત્રરત્ન અંગીકાર કરી સિદ્ધગતિના સુખોને માણી શકશે.

પર્વાધિરાજના આ પાવન દિવસોમાં પ્રથમ સાત દિવસ તો સંવત્સરીપર્વની પૂર્વતૈયારીરૂપે આપવામાં આવેલા છે. જેવી રીતે ઘરની રોજ સાફ-સફાઈ કરતા હોઈએ છતાં દિવાળી જેવા પર્વોમાં આખા ઘરમાં વિશિષ્ટ રીતે સફાઈ કરીએ છીએ, તેમ વર્ષ આખું નાની-મોટી આરાધના ભલે કરતાં હોઇએ, પણ આ લોકોત્તર પર્વના દિવસોમાં સાત દિવસ એવી આરાધના કરીએ કે સંવત્સરીના દિવસે સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય. જેમ વેપારી સીઝનમાં આખા વર્ષની કમાણી કરી લે તેવી રીતે ધર્મીજીવ આ પર્વમાં દાન-શિયળ-તપ-ભાવ-સદાચાર-સંયમ-પ્રતિક્રમણ-પૌષધ આદિ અનુષ્ઠાનો દ્વારા ભવોભવની કમાણી કરી લે છે.

આત્માને પાપથી પાર ઊતારનાર આ પાવન પર્વમાં હિંસાના વટવૃક્ષને ધરાશાયી કરી, અહિંસાના અંકુર રોપી સમસ્ત સંસારને ક્ષમાનો સંદેશો સુણાવવાનું પર્વ છે. સંવત્સરી મહાપર્વ એ ધર્મનો પ્રાણ છે. પર્વનું હૃદય છે. જેમ હૃદય વગર જીવી ન શકાય તેવી રીતે ક્ષમાપના અને મૈત્રીભાવ વિનાની સર્વ આરાધના એકડા વગરના મીંડા જેવી છે.

**"તોડો વેરની ગાંઠ, એ જ પર્યુષણ પર્વનો પાઠ;**
**છોડો રાગ ને દ્વેષ એ જ પર્યુષણ પર્વનો સંદેશ."**

ભગવાનના ભક્ત બનવું હોય તો ભાદરવાને યાદ રાખી, વ્યાખ્યાન સાંભળી વર્તનમાં પરિવર્તન કરવું. આલોચના સાંભળી દુર્ગુણોને દેશવટો આપવો, પ્રતિક્રમણ કરી પાપનું પ્રાયશ્ચિત્ત કરવું અને મિચ્છામિ દુક્કડં કહી મનના મેલને દૂર કરી નિર્મળ બનવું. પોતે ક્ષમા માંગવી અને બીજાને ક્ષમા આપવી.

પર્વાધિરાજનો પાવક સંદેશ ક્ષમાપના છે. વેરનું વિરમણ કરી મૈત્રીના વૃક્ષનું વાવેતર કરવું. માફી માગવામાં નાનમ નથી. ઝૂકવામાં કે જતું કરવામાં શરમ ન રાખવી. તરસ્યો માનવી નદી પાસે જાય તો પાણી પી સ્ફૂર્તિ મેળવી પાછો ફરે, દર્દી ડૉક્ટર પાસે જાય તો દવા લઈ અને સ્વાસ્થ્ય પાછું મેળવે, સંસારના આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત માનવી સંતની શીતળ છાયામાં જઈ બળતા-ઝળતા હૃદયને શાતા આપે એવી જ રીતે પનોતા પર્યુષણ પર્વ પધાર્યા છે ત્યારે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયની સાધના કરવી અને દાન-શીલ-તપ અને ભાવથી ધર્મની આરાધના કરીએ તો આપણો ભવાટવીમાં ભટકતો આત્મા પણ ભવભ્રમણને ટૂંકાવીને સિદ્ધગતિ તરફ જવા પગરણ માંડશે તેમાં કોઈ શંકા નથી. પર્વાધિરાજ આવ્યા છે ત્યારે તેનું અંતરના ઉલ્લાસથી સ્વાગત સાથે સાધના-આરાધના કરી મળેલા માનવભવને સફળ બનાવીએ એ જ અભ્યર્થના. ■ ■ ■

**યહ તન વિષકી વેલડી, ગુરુ અમૃતકી ખાન;**
**શીશ દિયે જો ગુરુ મિલે, તો ભી સસ્તા જાન.**

# भाद्रपद और पर्युषण पर्व

पू. आचार्य १०८ श्री विरागसागरजी महाराज

**● धर्म और उसके दस लक्षण :**

पू. आ. कार्तिकेय स्वामी अपने कार्तिकेयानुप्रेक्षा ग्रंथ में धर्म का विश्लेषण करते हुए लिखते हैं – 'धम्मो वत्थु सहावो' अर्थात् वस्तु का स्वभाव ही धर्म है। एक जिज्ञासु शिष्य के मन में प्रश्न उठा – अपना स्वभाव कैसे प्राप्त कर सकते है ? तब उन्होंने कहा –

**धम्मो वत्थु सहावो, खमादि भावो य दसविहो धम्मो ।**
**रयणत्रयं च धम्मो, जीवाणं रक्खणं धम्मो ॥**

अर्थात् जीवों की रक्षा से रत्नत्रय धर्म तक पहुँचा जाता है और रत्नत्रय धर्म, दस प्रकार के धर्मो तक ले जाता है तथा साधक अपने स्वभाव में स्थिर हो जाता है । यद्यपि धर्म एक ही है, दस आदि नहीं, पर आत्म-स्वभाव तक पहुँचाने के लिए दस धर्म दस सीढ़ियों के समान हैं । इनके बिना लक्ष्य तक नहीं पहुँचा जा सकता ।

अतः जैन संप्रदाय में दस लक्षण पर्व बड़ी प्रमुखता से मनाया जाता है। यद्यपि अन्य संप्रदायों में भी दस धर्म अन्य नामों से मान्य किये गये हैं यथा – मनुस्मृति में –

**शमोदमस्तपः शौच शान्त्यिार्जवमेव च ।**
**ज्ञान विज्ञान मास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥**

शम (कषाय उपशम), दम (इंद्रियों का दमन अर्थात् संयम), तप, शौच (निर्लोभता), शांति (क्षमा भाव), आर्जव, ज्ञान (विवेक), विज्ञान (सच्चरित्र), आस्तिक्य (पुण्य, पाप और परमात्मा के अस्तित्व की स्वीकृति) ।

किंतु अन्य संप्रदायों में धर्म के पहिले 'उत्तम' विशेषण कहीं नहीं आया । उत्तम अर्थात् 'दृष्टप्रयोजन परिवर्जनार्थभुक्तमं विशेषणम्' दिखाई देने वाले प्रयोजन का निषेध करने के लिए क्षमादि के पहिले उत्तम विशेषण दिया है । रत्नत्रय धारी साधक के ये धर्म उत्तम कहलाते हैं, सभी के नहीं। पर इसका तात्पर्य यह नहीं कि किसी दूसरे को उत्तम धर्म धारण नहीं करने चाहिए या दूसरे को ये प्राप्त नहीं हो सकते। ऐसा नहीं, अमृत का एक घड़ा न मिल पाये, एक गिलास या एक कटोरी भी मिले तो अच्छा है, ले लेना, क्योंकि इसके पाने से व्यक्ति अजर-अमर हो जाता है ।

**● पर्युषण क्या है ?**

भाद्रपद में आने वाले दशलक्षण धर्म का 'पर्युषण पर्व' के नाम से अधिक प्रचलन है। पर्युषण शब्द की व्याख्या है – 'परि आसमन्तात् उष्यन्ते, दह्यन्ते पाप कर्माणि यस्मिन तत् पर्युषणम्', जो सब तरफ से आत्मा में रहने वाले कर्मो को तपाये, जलाये वह है पर्युषण । आचार्य शिवकोटि ने साधुओं के १० स्थितिकल्पों में अंतिम पर्युषण कल्प दिया है। भगवती आराधना की विजयोदयी टीका में लिखा है । – पज्जोसमण कप्पो नाम दशमः (स्थिति कल्पः/पाद्य स्थिति कल्प...) ।

जिसका तात्पर्य है कि वर्षाकाल में चार मास तक एक ही स्थान में रहना / भ्रमण का त्याग, यह पाद्य नामक दशवां स्थितिकल्प है। वर्षाकाल में सूक्ष्म, त्रस व स्थावर जीवों की उत्पत्ति प्रचुर मात्रा में होती है, अतः उनकी हिंसा से बचने के लिए मुनिजन १२० दिन एक स्थान पर रहते हैं, यह उत्सर्ग नियम है । यह पर्युषण कल्प है । इसी कारण से पूरा वर्षाकाल ही पर्युषण कहलाता है । श्वेतांबर परंपरा में मान्य दशा श्रुतस्कंध नामक छेद सूत्र है, जिसके आठवें अध्ययन

का भी नाम पज्जोसणाकाव्व (पर्युषण कल्प) है। इस सूत्र की निर्युक्ति के अनुसार पर्युषण, परिवसना, पर्युपशमना, वर्षावास, प्रथम समवसरण, ज्येष्ठ ग्रह सब पर्यायवाची हैं। अत: एक तथ्य और ध्यान देने योग्य है कि भगवान महावीर की प्रथम दिव्य देशना भी श्रावण वदी एकम को खिरी थी। यह वर्षायोग का काल था। तब श्रावकों ने भगवान की देशना सुन अत्यंत हर्षित होकर भाद्र मास के दशलक्षण पर्व को अत्यंत उल्लास के साथ मनाया होगा। तब से भाद्र मास के दस लक्षण पर्व को प्रतिवर्ष अत्यंत प्रमुखता व हर्ष उल्लास से मनाया जाने लगा होगा। तथा भगवान महावीर के वर्षावास प्रवास में व्यवृहत पर्युषण शब्द दशलक्षण पर्व से भी जुड़ गया हो।

आगम के परिप्रेक्ष्य में देखने पर एक बात और समझ में आती है कि काल – गणना में छठे काल का अंत सदा आषाढ़ी पूर्णिमा को होता है तथा नये युग का प्रारंभ उसी से लगी हुई ( अनन्तर) तिथि श्रावण कृष्णा प्रतिपदा को अभिलित नक्षत्र से होता है। अंतिम कालखंड में अंतिम सात सप्ताहों में सात कुवृष्टियाँ होती हैं, जो सृष्टि का प्रलय करती हैं। तिलोय पण्णत्ति ग्रंथ में आ. यतिवृषभ महाराज लिखते हैं कि महागंभीर भीषण संवर्तक वायु चलती है, जो वृक्ष, पर्वत शिला आदि को चूर्ण कर देती है। जिससे मनुष्य एवं तिर्यंच महादु:ख प्राप्त करते हैं तथा शरण योग्य स्थान की अभिलाषा करते हुए बहुत प्रकार से प्रलाप करते हैं। इस समय पृथक्-पृथक् संख्यात एवं संपूर्ण बहत्तर युगल गङ्गा-सिन्धु नदियों की वेदी और विजयार्ध वन के मध्य प्रवेश करते हैं। देव और विद्याधर भी दयार्द्र होकर मनुष्य और तिर्यंचों में से संख्यात जीव-राशि को उन प्रदेशों में ले जाकर सुरक्षित रखते हैं। उस समय गंभीर गर्जना सहित मेघ, अत्यंत शीतल जल, क्षार जल तथा तीक्ष्ण विष जल में से प्रत्येक की ७-७ दिन तक वर्षा होती है। इसके अतिरिक्त वह मेघ-समूह धूम, धूलि, वज्र एवं जलते हुए दुष्प्रेक्ष्य ज्वाला समूह सात-सात दिन तक बरसाते हैं। इस प्रकार क्रमश: भरत क्षेत्र के मध्य आर्यखंड में चित्रा पृथ्वी के उपर स्थित एक योजन की भूमि जलकर नष्ट हो जाती है। उस समय आर्यखंड़ शेष भूमियों के समान दर्पण-तल के सदृश, कांतियुक्त और धूलि एवं कीचड़ की कलुषता से रहित हो जाता है। इसके उपरांत उत्सर्पिणी काल के प्रारंभ में पुष्कर मेघ सात दिन पर्यंत सुखोत्पादक जल बरसाते हैं, जिससे कालाग्नि में जली हुई संपूर्ण पृथ्वी शीतल हो जाती है। फिर सात दिन पर्यंत क्षीर मेघ क्षीर जल की वर्षा करते हैं, जिससे क्षीर जल से भरी हुई पृथ्वी उत्तम कांतियुक्त हो जाती है। तत्पश्चात् सात दिन पर्यंत अमृतमेघ अमृतवृष्टि करते हैं, जिससे अमृत से अभिषिक्त भूमि पर लता एवं गुल्म आदि उगने लगते हैं। तदुपरांत रस मेघ सात दिन तक दिव्य रस की वर्षा करते हैं, जिससे वे लता-गुल्म आदि रस से परिपूर्ण हो जाते है। इस प्रकार विविध रसपूर्ण औषधियों से भरी हुई भूमि सुस्वादु रूप परिणत हो जाती है। पश्चात् शीतल गंध को ग्रहण कर वे मनुष्य और तिर्यंच गुफाओं से बाहर निकल आते हैं। इस तरह यह सृष्टि के प्रलय और सृजन का क्रम हैं। इस कालगणना के अनुसार अवसर्पिणी के छठे काल के अंत में ४९ दिन अर्थात् ज्येष्ठ कृष्णा ११ से आषाढ़ शुक्ल पूर्णिमा तक महाभयंकर प्रलय होता है। फिर श्रावण कृष्ण १ से भाद्र शुक्ल ४ तक सात सप्ताहों में सुखोत्पादक वृष्टियॉ होती हैं। चतुर्थी तक की इन सुवृष्टियों के साथ जो भाद्र शुक्ल ५ आती है वह सृष्टि के सृजन, शांति का प्रथम दिन है। इसीलिए इस तिथि से लेकर १० दिन तक पड़ने वाले दशलक्षण पर्व का नाम पर्युषण पर्व पड़ा।

**● पर्युषण के पर्यायवाची :**

प्रसिद्ध इतिहासविद डॉ. ज्योति प्रसाद जैन लिखते है कि स्वयं पर्युषण शब्द अपभ्रंश है। इसके

प्राकृत रूप पज्जूसन, पज्जोसवण, पज्जोसमन आदि है, और संस्कृत रूप पर्युषन, पर्युषण, पर्युपवास, पर्युपासन आदि है। पर्युषन (परि + उषन) का अर्थ परभाव से विरक्त होकर स्वभाव में रमण करना है।

पर्युपशमन (परि + उपशमन) का अर्थ क्रोधादि कषाय भावों का उपशमन करना है। पर्युपवास (परि + उपवास) का अर्थ वर्षायोग में एक स्थान पर रहकर अपनी आत्मा में ही निवास करना और पर्युपासना (परि + उपासना) का अर्थ है उत्कृष्ट उपासना अर्थात् आत्मसाधना करना। इस प्रकार सभी अर्थों की दृष्टि से पर्युषण आत्मालोचन, आत्म निरीक्षण, आत्म जाग्रति एवं आत्मोपलब्धि का महान पर्व है।

● **भाद्र मास और पर्युषण पर्व :**

**अहोभाद्र, पदाख्योऽयं मासोऽनेक व्रताकरः।**
**धर्म हेतुः परो मध्येऽन्य - मासानां नरेन्द्रवत्॥**

भाद्रमास अन्य मासों में नरेन्द्रवत श्रेष्ठ है। वर्ष के सर्वाधिक पर्व और त्यौहार इसी माह में आते हैं। (पर्युषण पर्व) दशलक्षण पर्व भी इसी मास में प्रमुख रूप से मनाया जाता है। यद्यपि यह वर्ष में एक बार नहीं, तीन बार भादों, माघ और चैत्र के महिने में शुक्ल पक्ष की पंचमी से लेकर चतुर्दशी में आता है। जैन धर्म के दिगंबर व श्वेतांबर दोनों संप्रदायों में इस पर्व को अत्यंत हर्ष उल्लास से मनाने की परंपरा है। विशेष यह है कि श्वेतांबर समाज भाद्रपद कृष्ण १३ से भाद्रपद शुक्ल ५ तक सिर्फ ८ दिन का मनाती है। जबकि दिगंबर समाज में उक्त दश दिन का ही प्रचलन है। मध्य की किसी तिथि के क्षय हो जाने पर पर्व एक दिन पहिले से प्रारंभ कर दिया जाता है, किंतु समापन तिथि नियम से चतुर्दशी होती है। इसी से जुड़े क्षमावाणी पर्व का आयोजन पर्व के पश्चात् किसी भी तिथि में किया जा सकता है। ■ ■ ■

## મિચ્છા મિ દુક્કડમ્





પ્રાણીમાત્રને પ્રેમનો સંદેશો આપે તે **ક્ષમા...**
વેર - વિખવાદના ઝેરી સંબંધો કાપે તે **ક્ષમા...**
જીવનની સરગમ પર પ્રેમના સૂર છેડે તે **ક્ષમા...**

રૂપિયાની નોટ ફાટી જાય તો તેને જોડવા માટે સેલોટેપ છે, લાકડાનું રમકડું તૂટી જાય તો તેને જોડવા માટે ફેવિકોલ છે, કાચ તૂટી જાય તો તેને પાછો તે સ્થિતિમાં લાવવા માટે એરલડાઈટ છે, પણ માનવી - માનવી વચ્ચેના સંબંધોના સેતુમાં તિરાડ ઊભી થાય તો તે તિરાડને પૂરવા માટે સેલોટેપ, ફેવિકોલ કે એરલડાઇટ આજ સુધી કોઈ વૈજ્ઞાનિકે શોધ્યા નથી. પ્રભુ વીરે માનવી-માનવી વચ્ચેના સંબંધના સેતુમાં ઊભી થયેલી તિરાડને પૂરવા વિશ્વને ક્ષમાની ભેટ આપી છે.

પરસ્પર ક્ષમાપના કરવી તે મૈત્રીની નિર્મળતાનો નાતો જણાવે છે. ક્ષમા એવું પાણી છે, જે પથ્થર હૃદયને પણ પીગળાવી દે છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના વેળાએ જગતમાં યાવત્ ચૌદ રાજલોકમાં રહેલા સર્વ જીવની સાથે ક્ષમાપના કરી મૈત્રીનો નાતો બાંધીએ.

જાણતાં-અજાણતાં અમારાથી આપને મનદુઃખ થયું હોય, આપનું દિલ દુભાયું હોય તો સમસ્ત કોબા પરિવાર તથા 'દિવ્યધ્વનિ' પરિવારના મિચ્છા મિ દુક્કડમ્.

**– તંત્રી, 'દિવ્યધ્વનિ'**

# જીવનકળા : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૩**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

(૧) કવર સાથે **'જીવનકળા'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૪૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૮૦/- |

(૬) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૨૫-૧૦-૨૦૧૬ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** -પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધનાનું આયોજન

સંસ્થામાં તા. ૩૦-૮-૨૦૧૬ થી તા. ૬-૯-૨૦૧૬ દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના થશે. પર્વ દરમિયાન આદ.બા.બ્ર. પંડિતશ્રી સુમતપ્રકાશજીની સ્વાધ્યાયશ્રેણીનો લાભ મળશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર. સુરેશજીના સ્વાધ્યાય, ભક્તિસંગીત, ધ્યાન, યોગાસન, ધાર્મિક પ્રશ્નોત્તરી, ક્વીઝ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે વિશિષ્ટ રીતે જિનાભિષેક, જિનેન્દ્રપૂજાના કાર્યક્રમ સ્વાધ્યાયહૉલમાં સવારે ૮-૩૦ થી ૯-૩૦ દરમ્યાન યોજાશે; જેમાં બે દંપતી લાભ લઈ શકશે. સાંજની આરતીનો પણ લાભ લઈ શકાશે. આ માટે સામાન્ય નકરો રાખેલ છે. વિશેષ માહિતી માટે આદ.શ્રી નવીનભાઈ શાહ (મો. ૯૩૨૨૬૮૬૮૭૧)નો સંપર્ક સાધવા વિનંતી. આત્મકલ્યાણ અર્થે આરાધનામાં સહભાગી થવા સૌને નિમંત્રણ છે.

## સંસ્થામાં 'મુન્યાચાર' (મુનિઓનું ચારિત્ર) વિષયક લેખિત કસોટીનું આયોજન

મુમુક્ષુ ભાઈ-બહેનોને જ્ઞાનાભ્યાસ થાય તે હેતુથી સંસ્થામાં તા. ૨૯-૮-૨૦૧૬ના બપોરે ૩-૧૫ થી ૫-૧૫ દરમિયાન ઉપરોક્ત વિષય આધારિત લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. કસોટીનો અભ્યાસક્રમ સંસ્થાની વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે અથવા બા.બ્ર. શ્રી સુરેશજીનો સંપર્ક કરવા વિનંતી. બા.બ્ર.આદ.શ્રી સુરેશજીએ ખૂબ પ્રેમપરિશ્રમ લઈને ઉપયોગી અભ્યાસક્રમ બનાવ્યો છે. લેખિત કસોટીમાં ભાગ લઈ જ્ઞાનાર્જનનો લાભ લેવા સૌને નમ્ર નિવેદન છે.

## શુભ પ્રસંગોનો સુભગ સમન્વય

ચાલુ વર્ષે નીચે જણાવેલ શુભ પ્રસંગોનો સુભગ સમન્વય થાય છે :-

૧. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦ મી જન્મજયંતિ.

૨. પૂજ્ય સંતશ્રી આત્માનંદજીને દેહધારણ કર્યે ૮૫ વર્ષ પૂરા થાય છે.

૩. 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' સ્વાધ્યાયહૉલને ૨૫ વર્ષ પૂર્ણ થાય છે.

૪. નૂતન ગુરુકુળને ૧૦ વર્ષ પૂર્ણ થાય છે.

૫. સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના પાંચમા વર્ષનો પ્રારંભ.

ઉપરોક્ત પ્રસંગોના સમન્વયરૂપે ડિસેમ્બરની શિબિર (તા. ૧ ડિસે. થી ૩. ડિસે.) દરમિયાન વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તો આ શુભ પ્રસંગે પધારવા સૌને આગોતરું નિમંત્રણ પાઠવીએ છીએ.

## 'દિવ્યધ્વનિ' વિશિષ્ટ સહયોગી દાતા યોજના અંગે નમ્ર નિવેદન

વર્તમાન સમયમાં કાગળ, ટાઈપસેટીંગ, પ્રિન્ટિંગ વગેરેમાં ભાવવધારો થયેલ છે. આ વધારાના ખર્ચને પહોંચી વળવા આપના અમૂલ્ય આર્થિક સહયોગની આવશ્યકતા છે. આપનું નાનકડું યોગદાન પણ અમારા માટે અમૂલ્ય છે. જાન્યુ. ૨૦૧૭થી 'દિવ્યધ્વનિ'ના વિશિષ્ટ સહયોગી દાતા તરીકેનું યોગદાન રૂ. ૧૫,૦૦૦ ને બદલે રૂ. ૨૧,૦૦૦/- કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી. સહયોગી દાતાઓના નામ 'દિવ્યધ્વનિ' ટાઈટલ

- ૪ પર પ્રગટ કરવામાં આવે છે. અત્યાર સુધી આપ અમને આપનું અમૂલ્ય યોગદાન આપતા રહ્યા છો અને ભવિષ્યમાં પણ સહયોગ આપતા રહેશો તેવી આશા સાથે સર્વે દાતાર મહાનુભાવોને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. 'દિવ્યધ્વનિ'ની ગુણવત્તા સુધારવા અમે સતત પ્રયત્નશીલ છીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ગુરુકુળ :**
  - (૧) આદ. શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ — રૂ. ૫,૦૦,૦૦૦/-
  - (૨) આદ. શ્રી અશ્વિનભાઈ પી. પંચમિયા, સાયન (ઈ), મુંબઈ (શિષ્યવૃત્તિ) — રૂ. ૬૦,૦૦૦/-
  - (૩) આદ. શ્રી પ્રદીપભાઈ શાહ, કેલિફોર્નિયા (યુ.એસ.એ.) — રૂ. ૩૩,૫૦૦/-
  - (૪) આદ. શ્રી સ્મિતાબેન શાહ, ન્યૂયોર્ક (યુએસએ) ગુરુકુળ-મેડિકલ સેન્ટર — રૂ. ૧૦,૦૦૦/-
- **છાશકેન્દ્રઃ** (૧) આદ. શ્રી પીયૂષભાઈ પી. અવલાણી, ખાર (વે), મુંબઈ — રૂ. ૫૧,૦૦૦/-
  હસ્તે : આદ.શ્રી જયંતિભાઈ શાહ (પૂના)
  (૨) આદ. શ્રી શાંતાબેન પી. સંઘવી, સાયન (ઈ), મુંબઈ — રૂ. ૨૦,૦૦૦/-
- **ભોજનાલય :** (૧) આદ.શ્રી મૃદુલાબેન અનિલભાઈ માટલિયા, અમદાવાદ — રૂ. ૨૧,૦૦૦/-
- **ઓડિયો-વીડિયો :** (૧) આદ.શ્રી પંકજભાઈ આર. શાહ, બોરીવલી(વે), મુંબઈ — રૂ. ૨૧,૦૦૦/-
- **સાધારણ :** (૧) આદ.શ્રી પારસભાઈ પી. મોદી, જામનગર — રૂ. ૧૧,૦૦૦/-
  (૨) આદ.શ્રી રશ્મિકાંતભાઈ પી. મોદી, રાજકોટ — રૂ. ૧૧,૦૦૦/-

## ભારતમાં ચાતુર્માસ દરમિયાન બિરાજમાન જૈન સાધુ-સાધ્વી ભગવંતોની યાદી

- પૂ. આચાર્યશ્રી વિદ્યાનંદજી મહારાજ — કુંદકુંદભારતી, દિલ્હી
- પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ — ભોપાલ (મ.પ્ર.)
- પૂ. આચાર્યશ્રી વર્ધમાનસાગરજી મહારાજ — સિદ્ધવરકૂટ સિદ્ધક્ષેત્ર(મ.પ્ર.)
- પૂ. આચાર્યશ્રી અનેકાંતસાગરજી મહારાજ — માંગીતુંગી (નાસિક, મહારાષ્ટ્ર)
- પૂ. આચાર્યશ્રી વિરાગસાગરજી મહારાજ — ભીંડ (મ.પ્ર.)
- પૂ. આચાર્યશ્રી પુષ્પદંતસાગરજી મહારાજ — પુષ્પગિરી (મ.પ્ર.)
- પૂ. આચાર્યશ્રી ગુપ્તિનંદીજી મહારાજ — ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)
- પૂ. આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજ — બાંસવાડા (રાજસ્થાન)
- પૂ. આચાર્યશ્રી રયણસાગરજી મહારાજ — દેરોલ (તા. ખેડબ્રહ્મા) ગુજરાત
- પૂ. આચાર્યશ્રી સંભવસાગરજી મહારાજ — ત્રિયોગઆશ્રમ, સમ્મેતશિખર(ઝારખંડ)
- પૂ. આચાર્યશ્રી વિશુદ્ધસાગરજી મહારાજ — ભિલાઈ (છત્તીસગઢ)
- પૂ. આચાર્યશ્રી જ્ઞાનસાગરજી મહારાજ — મુરેના (મ.પ્ર.)
- ઉપા. શ્રી નિર્ભયસાગરજી મહારાજ — ઉજ્જૈન (મ.પ્ર.)
- પૂ. ગચ્છનાયક આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા. — વાસણા, અમદાવાદ

- પૂ. રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. — સેટેલાઈટ, અમદાવાદ
- પૂ. ગચ્છનાયક આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી અજયસાગર સૂરીશ્વરજી મ.સા. — નારણપુરા, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી અભયશેખરસૂરીશ્વરજી મ.સા. — ભઠ્ઠા, પાલડી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મ.સા. — ભઠ્ઠા, પાલડી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી જયદર્શનસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી જિનદર્શનસૂરીશ્વરજી મ.સા. — ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. — મેમનગર, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મ.સા. — સાબરમતી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી યુગભૂષણસૂરીશ્વરજી મ.સા. — પાલડી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી રવિરત્નસૂરીશ્વરજી મ.સા. — ઉસ્માનપુરા, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી રાજ્યશસૂરીશ્વરજી મ.સા. — સોલા રોડ, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી વર્ધમાનસાગર સૂરીશ્વરજી મ.સા. — નારણપુરા, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી હરિકાંતસૂરીશ્વરજી મ.સા. — નારણપુરા, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી વિવેકસાગરસૂરીશ્વરજી મ.સા. — વીતરાગ જૈન સંઘ, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી હિતપ્રજ્ઞસૂરીશ્વરજી મ.સા. — સાબરમતી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. — આંબાવાડી, અમદાવાદ
- પૂ. આચાર્યશ્રી બા.બ્ર. શ્રીવીરેન્દ્રજીસ્વામી (સ્થા. દરિયાપુરી સંપ્રદાય) — સુરેન્દ્રનગર
- પૂજ્ય આચાર્યશ્રી મહાશ્રમણજી — આસામ
- પૂજ્ય આચાર્યશ્રી નવીનઋષિ મ.સા. — નિર્ણયનગર, અમદાવાદ
- ક્રાંતિકારી મુનિશ્રી તરૂણસાગરજી મ.સા. — ચંડીગઢ, (હરિયાણા)
- પૂ. આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. — આકોટા, વડોદરા
- ગચ્છાધિપતિ પૂજ્યશ્રી અમીચંદજી મહારાજ (બોટાદ સંપ્રદાય) — બોપલ, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી ચંપકમુનિ મહારાજ (બરવાળા સંપ્રદાય) — સોલા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી નવીનઋષિજી મહારાજ (ખંભાત સંપ્રદાય) — નિર્ણયનગર, અમદાવાદ
- પૂજ્યશ્રી નમ્રમુનિ મ.સા. — પરમધામ, પડઘા (જિ. થાને)
- મુનિશ્રી સુધાસાગરજી મહારાજ — બિયાવર (રાજસ્થાન)
- મુનિશ્રી ચિન્મયસાગરજી મહારાજ — બેંગ્લોર (કર્ણાટક)
- મુનિશ્રી પ્રજ્ઞાસાગરજી મહારાજ — જયપુર, (રાજસ્થાન)
- મુનિશ્રી વિશ્રાન્તસાગરજી મહારાજ — ઉસ્માનપુરા, અમદાવાદ.
- ક્ષુલ્લકશ્રી ધ્યાનસાગરજી મહારાજ — હસ્તિનાપુર (ઉ.પ્ર.)

- આર્યિકાશ્રી જ્ઞાનમતી માતાજી — માંગીતુંગી (નાસિક, મહારાષ્ટ્ર)
- આર્યિકાશ્રી પૂર્ણમતિ માતાજી — ગુના (મ.પ્ર.)
- આર્યિકાશ્રી લક્ષ્મીભૂષણ માતાજી (સ્થા. દરિયાપુરી સંપ્રદાય) — તલોદ (સાબરકાંઠા) ગુજરાત
- બા. બ્ર. પૂજ્યશ્રી રાજેન્દ્રમુનિ મ.સા. (સ્થા. દરિયાપુરી સંપ્રદાય) — વિલેપાર્લા (વે) મુંબઈ
- પૂજ્ય શ્રી અપૂર્વમુનિ મ.સા. (સ્થા. દરિયાપુરી સંપ્રદાય) — જોધપુર, અમદાવાદ
- બા. બ્ર. પૂજ્યશ્રી મધુબાઈ મ.સા. (સ્થા. દરિયાપુરી સંપ્રદાય) — માંજલપુર, વડોદરા

## સંસ્થાના જિનમંદિર તથા સ્વાધ્યાયહોલમાં નૂતન પ્રતિમાજીનો સ્થાપના મહોત્સવ સાનંદ સંપન્ન

સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ આદ. મુરબ્બીશ્રી જયંતભાઈ એમ. શાહે સંસ્થાના સ્વાધ્યાયહૉલ તથા જિનમંદિરમાં, પ્રતિમાજીની સ્થાપના કરવાની પોતાની અદમ્ય ભાવના દર્શાવી. ટ્રસ્ટી મહોદયોએ તેમની ભાવનાને મંજૂરીની મહોર મારતાં તેને મૂર્તિમંત રૂપ આપવામાં આવ્યું. તા. ૧૯-૭-૨૦૧૬ ગુરુપૂર્ણિમાના શુભદિને સ્વાધ્યાયહૉલમાં શ્રી મહાવીર ભગવાન તથા શ્રી જિનમંદિરમાં શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠાનો મહોત્સવ ધર્મમય ઉલ્લાસભેર વાતાવરણમાં સંપન્ન થયો.

સવારે સૌ પ્રથમ શોભાયાત્રા કાઢવામાં આવી. મંત્રો તથા ધૂનના ઉચ્ચારણથી વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યાં. ભક્તિભાવથી સૌના હૃદય પ્લાન્વિત બની ગયા. પોતાના પ્રાણપ્યારા, જીવનના આધાર એવા પરમાત્માની પ્રતિમાજીની સ્થાપના થવાની હોય ત્યારે કયા ભક્તોના હૈયાં આનંદથી ડોલી ન ઊઠે ? અત્યંત ભાવોલ્લાસથી ભક્તના હૃદયો ઝૂમી ઊઠ્યાં. અને આવું થવું સ્વાભાવિક છે કારણ કે આવી પુણ્યાર્જન અને આત્મશુદ્ધિની તક વારંવાર મળતી નથી.

પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રા તથા પૂજ્ય બા.બ્ર.શ્રી ગોકુળભાઈના સાન્નિધ્યથી સોનામાં સુગંધ ભળવા જેવું સદ્ભાગ્ય સાંપડ્યું. વિધિ-વિધાન-અનુષ્ઠાન અર્થે પ્રતિષ્ઠાચાર્ય આદ. શ્રી પ્રદીપકુમાર જૈન (મધુર) પધાર્યા હતા. સૌ પ્રથમ ધુલિકળશ, દ્વાદશ પલ્લવચૂર્ણ, સર્વોષધિકળશ દ્વારા વેદીની શુદ્ધિ કરવામાં આવી. આ અંગે આદ. શ્રી પ્રદીપજીએ સૌને સંક્ષિપ્ત માહિતી આપી. ત્યારબાદ માટીકળશની સ્થાપના કરવામાં આવી.

અભિષેક અને શાંતિધારા દ્વારા સૌએ સાત્ત્વિક આનંદનો અનુભવ કર્યો. મંડપસ્થાપના, જિનવાણીમાતાની સ્થાપના બાદ સિંહાસન પર શ્રી ચંદ્રપ્રભુ તથા શ્રી મહાવીરપ્રભુને બિરાજિત કરવામાં આવ્યા. આ બંને પ્રતિમાજીના પંચકલ્યાણક પ્રતિષ્ઠા ઓઢવ, અમદાવાદ મુકામે પૂજ્ય મુનિશ્રી ૧૦૮ વિશ્રુતસાગરજી મહારાજ તથા પૂજ્ય મુનિશ્રી ૧૦૮ વિશ્વાસસાગરજી મહારાજના સાન્નિધ્યમાં કરવામાં આવી હતી.

શ્રી નવદેવતા (પંચપરમેષ્ઠિ, જિનાગમ, જિનધર્મ, જિનચૈત્ય, જિનચૈત્યાલય)ની પૂજા કરવામાં આવી. ત્યારબાદ સમ્યક્ રત્નત્રયદાતાર ત્રણ જિનેન્દ્ર ભગવંતો (શ્રી ચંદ્રપ્રભુ, શ્રી શાંતિનાથ, શ્રી મહાવીરસ્વામી)ની પૂજા કરવામાં આવી.

સંસ્થાને સમર્પિત બા.બ્ર. આદ. શ્રી અલકાબેને આ પૂજાની મૌલિક રચના કરીને પોતાની પ્રતિભાનો અને પ્રભુ પ્રત્યેના અંતરંગ પ્રેમનો પરિચય આપ્યો છે. આ પૂજા ખરેખર ખૂબ ભાવવાહી છે. બા.બ્ર.આદ.શ્રી સુરેશજી, બા.બ્ર.આદ.શ્રી અલકાબેન, બા. બ્ર. આદ.શ્રી જનકબેન તથા આદ.શ્રી કપિલભાઈએ ભાવવાહી સ્વરમાં પૂજા કરાવીને સૌના હૃદયને ભક્તિથી પ્લાન્વિત કરી દીધા હતા. શ્રી સમુચ્ચય અર્ઘ અને શ્રી શાંતિપાઠ બાદ સ્વાધ્યાયહૉલમાં ભાવોલ્લાસના વાતાવરણમાં શ્રી મહાવીર ભગવાનની પ્રતિમાજીની સ્થાપના કરવામાં આવી તથા શ્રી જિનમંદિરમાં ચંદ્રપ્રભુ ભગવાનની સ્થાપના કરવામાં આવી.

સ્વાધ્યાયહૉલમાં શાશ્વત સિદ્ધક્ષેત્ર તીર્થાધિરાજ શ્રી સમ્મેદશિખરજી તથા શ્રી પાલિતાણા, સિદ્ધક્ષેત્રના ચિત્રપટોની સ્થાપના ભક્તિભાવપૂર્વક કરવામાં આવી. આ મહોત્સવમાં સૌધર્મ ઈન્દ્ર તથા ઈન્દ્ર-ઈન્દ્રાણી બનવાનો અપૂર્વ લાભ લઈ વિશિષ્ટ પુણ્યાર્જન અને આત્મશુદ્ધિ કરવા બદલ તે સર્વે મુમુક્ષુઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. પ્રતિષ્ઠા મહોત્સવમાં આર્થિક યોગદાન આપનારા દાનવીર મહાનુભાવોનું ભગવાન તથા નિર્વાણક્ષેત્રના ચિત્રપટો અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવામાં સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો, યુવાત્યાગીગ્રુપ તેમજ તન-મન-ધન-અનુમોદના દ્વારા પ્રસંગને દીપાવ્યો તે સૌને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ.

મહોત્સવને સફળ બનાવવામાં દાનવીર મહાનુભાવો, આદ. શ્રી નવીનભાઈ બી. શાહ, યુવાત્યાગીગ્રુપ, આદ. શ્રી જયંતિભાઈ શાહ (હિંમતનગર) તથા આદ. શ્રી પંકજભાઈ શાહે વિશેષ યોગદાન આપ્યું છે, જેની સાભાર નોંધ લઈએ છીએ.

## શ્રી ગુરુપૂર્ણિમા નિમિત્તે સંસ્થામાં ત્રિદિવસિય શિબિર સાનંદ સંપન્ન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં તા. ૧૮-૭-૨૦૧૬ થી તા. ૨૦-૭-૨૦૧૬ દરમિયાન ગુરુપૂર્ણિમા નિમિત્તે આધ્યાત્મિક શિબિર યોજાઈ ગઈ. શિબિરનું સફળ સંચાલન પ્રજ્ઞાવંત મુમુક્ષુ શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો.

● **સ્વાધ્યાય :**

પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતાં જણાવ્યું કે પાંચ સમવાય કારણોમાં પુરુષાર્થ તે મુખ્ય છે. માનવભવમાં જ પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. માનવભવ પ્રાપ્ત કર્યા પછી મોક્ષપ્રાપ્તિ અર્થે કરડિયા બની પુરુષાર્થ કરવો તે હિતકર છે. ગમે તે પ્રાપ્ત કર્યું પણ આત્મજ્ઞાન પ્રાપ્ત ન કર્યું તો પ્રાપ્ત કરેલું સર્વ વૃથા છે. માનવભવ જોતજોતામાં પૂરો થઈ જશે એટલે માનવભવની પ્રત્યેક ક્ષણનો આત્મકલ્યાણ અને પરોપકારમાં ઉપયોગ કરવો. સજ્જનો સદા પ્રસન્ન, સુશીલ અને મિષ્ટવાણી બોલનારા હોય છે. જ્યાં જવાથી આપણા આચાર-વિચાર બગડી જાય તેવા સ્થળે જવું નહિ. કષાયોનો રાજા લોભ છે. તેને ઘટાડવાં શક્તિ અનુસાર છતાં શક્તિને ગોપવ્યા વિના દાન આપવું.

બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૫૭૨ના આધારે વૈવિધ્યસભર દૃષ્ટાંતો સહ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સાચી શાંતિધારા તે શુદ્ધોપયોગ છે. ઉદાસીનતા એટલે વીતરાગભાવ, જ્ઞાતાદૃષ્ટાભાવ. જે ઉપયોગ કર્મના ઉદય સાથે ભળી જાય છે ત્યાંથી ઉપયોગને ખેંચીને સ્વભાવ તરફ લઈ જવાનો છે. ઉપયોગરૂપી ચાંચને જ્ઞાનરૂપી સાગરમાં ડૂબાડ તો દુઃખી થઈશ નહિ. મોક્ષમાર્ગમાં 'ઉપયોગ' એ સાધના છે. ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક બની જાય છે. તેમાં અહંકાર આવી જાય છે. વારંવાર સ્વસંવેદન થવું તે તીવ્ર જ્ઞાનદશા છે. સ્વને જાણતાં પર જણાય છે. સ્વરૂપના આશ્રય વિના બંધનમુક્ત થવાતું નથી. દશાનું ફળ છે, માન્યતાનું નહિ. લોકોના સર્ટિફિકેટના આધારે મોક્ષમાર્ગ ચાલતો નથી, પણ દશાના આધારે ચાલે છે. વ્યવહારથી સત્‌દેવ-ગુરુ-ધર્મનું શરણ અને નિશ્ચયથી શુદ્ધાત્માનું શરણ લેવાનું છે. વિભાવભાવો દ્વારા ભક્ષણ અને સ્વભાવભાવ દ્વારા રક્ષણ થાય છે. ગુરુની આજ્ઞા અનુસાર જીવન બનાવવા માટે ઘણી સત્પાત્રતા જરૂરી છે. સદ્‌ગુરુ મળ્યા પછી આપણો નવો જન્મ થાય છે અને આપણામાં વિવેક આવે છે. આત્માનું અહિત થાય તેવા વિભાવભાવોથી ગુરુ આપણી રક્ષા કરે છે. શાસ્ત્રોનો સાર ભાવોની વિશુદ્ધિ છે. ઉદયભાવોના જ્ઞાતા-દૃષ્ટા રહેવાનો પ્રયત્ન કરવો.

જ્ઞાનીઓ તત્ત્વનો બોધ આપી સ્વરૂપદૃષ્ટિ કરાવે છે. ગુરુ કર્મનો નાશ કરવાની વિધિ બતાવે છે. તત્ત્વદૃષ્ટિથી જીવશો તો કદી અશાંતિ નહિ આવે. ભક્તિથી સ્વચ્છંદ અને અહંકારનો નાશ થાય છે. નિર્વિકલ્પ ઉપયોગમાં આત્માની ધરપકડ કરવી તેનું નામ ધર્મ. જ્ઞાનીપુરુષના ચરણમાં મનને સ્થાપિત કરીએ તો ભક્તિમાર્ગ સિદ્ધ થાય છે.

બા. બ્ર. આદ. શ્રી સુરેશજીએ વચનામૃત પત્રાંક-૮૫૬ના આધારે પાંચ પ્રકારના બળ વધારવાના ઉપાયો અંગે વિસ્તૃત સમજૂતી આપતા જણાવ્યું કે તત્ત્વને જાણવાની ઇચ્છાની શક્તિવિશેષનું નામ જિજ્ઞાસાબળ, તત્ત્વવિચાર કરવાની શક્તિવિશેષનું નામ વિચારબળ, પર પદાર્થોથી અનાકર્ષિત રહેવાની શક્તિવિશેષનું નામ વૈરાગ્યબળ, તત્ત્વના ચિંતનમાં એકાગ્ર થવાની શક્તિવિશેષનું નામ ધ્યાનબળ અને તત્ત્વમાં સ્થિર થવાની શક્તિવિશેષનું નામ જ્ઞાનબળ છે.

પ્રતિષ્ઠાચાર્ય આદ. પંડિતજી પ્રદીપકુમાર જૈને (મધુર) આત્માની શુદ્ધિ માટે દ્રવ્યની શુદ્ધિની આવશ્યકતા તેના માટે ધ્યાન-ભક્તિની આવશ્યકતા, પૂજા-પૂજક અને પૂજ્યના લક્ષણો, પૂજાની વિધિ, પાત્રની યોગ્યતા, પૂજાનું ફળ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની શુદ્ધિ વગેરે બાબતોની સુંદર છણાવટ કરી હતી.

● **ભક્તિસંગીત :** તા. ૧૮-૭-૨૦૧૬ના દિવસે ધરમપુર આશ્રમથી પધારેલા આત્માર્પિત શ્રી હર્ષદભાઈ પંચાલે સુમધુર કંઠમાં ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

● **શંકા સમાધાન / પ્રશ્નોત્તરી :** આ કાર્યક્રમ અંતર્ગત બા. બ્ર. આદ. શ્રી સુરેશજીએ મુમુક્ષુઓ દ્વારા પૂછાયેલા જીવનવિકાસલક્ષી પ્રશ્નોનું સુંદર સમાધાન આપ્યું હતું.

● **યોગાસન / પ્રાણાયામ :** શિબિર દરમિયાન વડોદરાથી ખાસ પધારેલા યોગાચાર્ય શ્રી દુષ્યંતભાઈ મોદીએ સૌને યોગાસન, પ્રાણાયામ, હળવી કસરતો કરાવી હતી. તેઓશ્રીએ યોગ અને સ્વાસ્થ્ય વિશે સુંદર સમજૂતી આપી હતી.

● **વૃક્ષારોપણ :** ઘણા વર્ષોથી સંસ્થા સાથે સંકળાયેલા ડૉ. રાગિણીબેન શાહ મૂકસેવક અને સાચા સાધક છે. તેઓ સદા સ્વ-પર કલ્યાણમાં તત્પર રહે છે. રાજસ્થાનના બાંસવાડા વિસ્તારમાં તેઓશ્રીએ ૧૦,૦૦૦ ઉપરાંત વૃક્ષોનું વાવેતર કરાવ્યું છે. હજુ ૨૦,૦૦૦ જેટલા વૃક્ષારોપણ કરવાનો તેઓનો ટાર્ગેટ છે. 'બેસ્ટ વુમન' તરીકે તેઓના કાર્યની પ્રશંસાના અહેવાલો દિવ્યભાસ્કર અને અન્ય વર્તમાનપત્રોમાં તસવીરસહ પ્રકાશિત થયાં છે. RSS ના આદ. શ્રી ભાગવતજી દ્વારા ડૉ. રાગિણીબેનને તેઓની નિઃસ્વાર્થ સેવાઓ બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આવા સેવાભાવી, પરોપકારી, ઉત્તમ મુમુક્ષુ ડૉ. રાગિણીબેનની પ્રેરણા, પુરુષાર્થથી તથા આદ.શ્રી કિરીટભાઈ શાહ (નડિયાદ)ના સહકારથી આપણી સંસ્થામાં તા. ૨૦-૦૭-૨૦૧૬ના રોજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. પર્યાવરણની જાળવણી માટે અત્યંત આવશ્યક એવા ૧૫૦ ઉપરાંત વૃક્ષોને ઉગાડવામાં આવ્યા. વૃક્ષારોપણ માટે સહયોગ આપનારા સર્વ મુમુક્ષુઓને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

● **પ્રકીર્ણ :** શિબિર દરમિયાન પૂજા-અભિષેક, શ્રી બૃહદ્ શાંતિધારા, ધ્યાન, દેવવંદન જેવા કાર્યક્રમો યોજાયા હતા. ત્રણેય દિવસો દરમિયાન નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આદ. શ્રી પારૂલબેન શરદભાઈ જશવાણી દ્વારા સ્વાધ્યાયહૉલમાં બિરાજિત ચિત્રપટો માટે હાર અર્પણ કરવામાં આવ્યા હતા. સ્વ. વસંતભાઈ ખંધાર પરિવાર તરફથી સૌને માટે નોટબુક-પેનની પ્રભાવના કરવામાં આવી હતી. પૂજ્ય ભાનુવિજયજી મ.સા. દ્વારા લિખિત 'સમાધિમરણ' પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી. ત્રણ દિવસ દરમિયાન સ્વામિવાત્સલ્યનો લાભ આપીને પુણ્યઉપાર્જન કરનારા દાનવીર મહાનુભાવોને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## આપણી સંસ્થામાં થાઈરોઇડ નિદાન કેમ્પ સાનંદ સંપન્ન

આધ્યાત્મિક સાધના સાથે સમાજોપયોગી પરોપકારના કાર્યો કરવાની સંસ્થાની નીતિ રહી છે. સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે Abbot કંપનીના સહયોગથી તા. ૧૭-૭-૨૦૧૬ના દિવસે સંસ્થામાં થાઈરોઈડ નિદાન કેમ્પ યોજાઈ ગયો. પૂજ્યશ્રી તથા મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કેમ્પનો શુભારંભ થયો. ૧૫૧ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પ માટે આર્થિક સહયોગ સ્વ. સુધાબેન કુમુદભાઈ મહેતા (મુંબઈ)ની પુણ્યસ્મૃતિમાં આદ. શ્રી કુમુદભાઈ મહેતા તરફથી સાંપડ્યો હતો, તે બદલ સંસ્થા તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે. આ કેમ્પને સફળ બનાવવામાં આદ. ડૉ. મોહિતભાઈ શાહ આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી, આદ.શ્રી દિનેશભાઈ બાવીસી, આદ. શ્રી જયંતિભાઈ શાહ(પૂના) તથા આદ. શ્રી નીતાબેનનો પ્રશંસનીય સહયોગ સાંપડ્યો; જે બદલ સંસ્થા તરફથી તેઓને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

**[૧]** સ્વ. વસંતભાઈ ખંધારના આત્મશ્રેયાર્થ તેઓના કુટુંબીજનો તરફથી સંસ્થામાં તા. ૧૦-૭-૨૦૧૬ના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ બાદ આદ.બા.બ્ર.શ્રી સુરેશજીએ 'શ્રી ઉપદેશછાયા આંક - ૧૪'ના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો.

ગુણાનુવાદ કાર્યક્રમ અંતર્ગત આદ. મુમુક્ષુવિશેષ શ્રી મહેન્દ્રભાઈ ખંધારે સ્વ. વસંતભાઈમાં રહેલા કૌટુંબિક ભાવના, વાત્સલ્ય, સેવા, મિલનસાર અને સૌમ્ય સ્વભાવ, પરોપકાર આધ્યાત્મિક રુચિ, પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ, તીર્થયાત્રાના ઉછરંગી, શિસ્તબદ્ધ જીવન, ધર્મની દૃઢતા, શાંત સ્વભાવ, ધર્મક્રિયાઓમાં નિયમિતતા, સાદું તથા સંતોષી જીવન વગેરે સદ્‌ગુણોની અનુમોદના કરી હતી. આદ. સાધકવિશેષ શ્રી કિશોરભાઈ ખંધારે સ્વ. વસંતભાઈના પ્રેરણાદાયી જીવનમાં તેઓએ વિકસાવેલ કુટુંબમાં સંપ અને સહકારની ભાવનાનો વિકાસ, ગુણગ્રાહક દૃષ્ટિ, સ્વાધ્યાયપ્રેમ, ધર્મયાત્રા કરવામાં ઉત્સાહ જેવા ગુણોની અનુમોદના કરી હતી. આદ. મુમુક્ષુવિશેષ શ્રી રમેશભાઈ ખંધારે સ્વ. વસંતભાઈમાં રહેલા ગુણો-અંતરંગ કોઠાસૂઝ, દરેક પરિસ્થિતિનો શાંતભાવે સ્વીકાર વગેરે સદ્‌ગુણોની અનુમોદના કરી હતી. સંસ્થા વતી આદ. શ્રી મનહરભાઈ જશવાણીએ સ્વ. વસંતભાઈના પ્રેરણાદાયક જીવનનું સંક્ષિપ્તમાં વર્ણન કર્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે વસંતભાઈએ નાનપણથી સમયનો સદુપયોગ કર્યો છે અને સત્કાર્યો કર્યા છે. તેઓનું વ્યક્તિત્વ વાત્સલ્યસભર હતું. તેમનો આત્મા આગામી થોડા ભવોમાં મોક્ષને પ્રાપ્ત કરે તેવી પ્રભુને પ્રાર્થના. પૂજ્ય બહેનશ્રીએ સ્વ. વસંતભાઈમાં રહેલા પ્રસન્નતા, વાત્સલ્યભાવ, નિયમિતતા, શિસ્તબદ્ધ જીવન, સ્વાધ્યાયમાં જાગૃતિ, તત્ત્વવિચારણા જેવા સદ્‌ગુણોની અનુમોદના કરી હતી. આ પ્રસંગે સ્વ. વસંતભાઈ ખંધાર પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું તથા સંસ્થાને રૂા. ૫૧,૦૦૦/-નું દાન જાહેર કર્યું હતું અને દરેક માટે સૂકા મેવાની પ્રભાવના કરવામાં આવી હતી.

**[૨]** આપણી સંસ્થામાં તા. ૩૧-૭-૨૦૧૬ ના દિવસે સ્વ. ગુણવંતીબેન રમણલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે તેઓના પરિવારજનો તરફથી તથા આદ.શ્રી જિતેન્દ્રભાઈના જીજાજી આદ.શ્રી દલજીભાઈ (બોડિયા, રાજસ્થાન) તરફથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ યોજવામાં આવ્યું હતું. પારાયણ બાદ બા.બ્ર.આદ.શ્રી સુરેશજીએ 'ઉપદેશછાયા' આંક - ૧૪ના આધારે સ્વાધ્યાય આપ્યો હતો. પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે મહાપુરુષોના લોકોત્તર ગુણોને જાણીને તેમના જેવા ગુણો પ્રગટાવવા પ્રયત્ન કરવો. સ્વાધ્યાય એ આ કાળનું શ્રેષ્ઠ તપ છે. આત્માની શુદ્ધિ અર્થે સત્શાસ્ત્રો વાંચવાના છે.


આ પ્રસંગે સ્વ. ગુણવંતીબેન રમણલાલ શાહ (હસ્તે : શ્રી વિમલભાઈ, જિજ્ઞાબેન પરિવાર) તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું તથા આદ.શ્રી દલજીભાઈ પરિવાર તરફથી સંસ્થાને રૂા. ૧૧,૦૦૦નું દાન

અર્પણ કરવામાં આવ્યું હતું.

## જરૂરતમંદ નાગરિકો માટે વિના મૂલ્યે મોતીયાનું ઑપરેશન

'આદર્શ અમદાવાદ' દ્વારા જરૂરતમંદ લોકો માટે વિનામૂલ્યે મોતીયાનું ઑપરેશન ડૉ. હર્ષદભાઈ શાહ દ્વારા કરવામાં આવે છે. **સંપર્કસૂત્ર :** આદર્શ અમદાવાદ, નેહલ, જૈન ઉપાશ્રયની બાજુમાં, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન. : (૦૭૯) ૨૬૫૬૫૪૧૬

## વૈરાગ્ય સમાચાર





**[૧] મુંબઈ :** સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગનો લાભ લેતાં **ચંદુભાઈ ગુલાબચંદ શાહ**નું ૯૦ વર્ષની વયે તા. ૧૬-૭-૧૬ના રાત્રે દેહાવસાન થયું છે. નાનપણથી જ તેમનામાં ધાર્મિક સંસ્કારો દૃષ્ટિગોચર થતા હતા. ધર્મ કરવાની તેઓની તીવ્ર વૃત્તિ હતી. તેઓશ્રીએ ૨૬ વર્ષ સુધી એકાસણા કર્યા હતા અને તેમાં ૨૦ વર્ષ તો ઠામચૌવિહાર કરેલ. તેઓ દિગંબર મુનિઓ સાથે અવારનવાર વિહાર કરતા હતા અને આ રીતે વિહાર કરીને મુનિશ્રી સાથે સમેતશિખરની યાત્રા પણ કરી હતી. તેઓએ દિગંબર મુનિઓ સાથે ઘણા ચાતુર્માસ કર્યા હતા. સંસાર પરત્વે તેઓને તીવ્ર વૈરાગ્ય હતો. દીક્ષા લેવાની તેઓની તીવ્ર ઇચ્છા હતી, પરંતુ તેઓની ઉંમરને ધ્યાનમાં રાખીને પરિવારના સભ્યોએ દીક્ષા માટે રજા આપી નહોતી. તેઓના રગેરગમાં ધર્મની ભાવના વ્યાપ્ત હતી. તેઓ પોતાના કુટુંબીજનોને પણ ધર્મની આરાધના માટે પ્રેરણા આપતા. સંસારના બંધનોથી મુક્ત થવાની તેઓને તીવ્ર ખેવના હતી. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. તેઓ આપણી સંસ્થામાં રહીને સાધના કરતા હતા. જૈન મુનિ સમાન તેઓ જીવન જીવતા. દેહાવસાનના ૧૦ દિવસ અગાઉ તેમણે સંથારાની ઇચ્છા વ્યક્ત કરી હતી. સમગ્ર કોબા પરિવાર આવા દિવ્યાત્માને શ્રદ્ધાંજલિ અર્પે છે અને તેઓનો આત્મા શીઘ્ર મોક્ષપદને પ્રાપ્ત કરે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.



**[૨] મુંબઈ :** આપણી સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી મનહરભાઈ જસવાણીના સાળા અને વર્તમાન કાર્યવાહક સમિતિના સહસંયોજક શ્રી શરદભાઈ જસવાણીના મામા **શ્રી નરેશભાઈ ચુનીલાલ શાહ** (ઉ.વ. ૬૯)નો દેહવિલય તા. ૩૦-૭-૨૦૧૬ ને શનિવારના રોજ થયેલ છે. તેઓશ્રી નાનપણથી જ દેવ-ગુરુ-ધર્મમાં અગાઢ શ્રદ્ધા ધરાવતા હતા અને પૂ.શ્રી કાનજીસ્વામી અને પૂ.બેનશ્રી ચંપાબેન પ્રત્યે તેમને પૂજ્યભાવ હતો. તેઓ વર્ષો સુધી સોનગઢ જઈને અવારનવાર સત્સંગ કરતા હતા. છેલ્લા ઘણા વર્ષોથી પૂ.શ્રી આત્માનંદજીના સંપર્કમાં આવ્યા પછી તેઓ તેમના ધર્મપત્ની શ્રી નયનાબેન સાથે અવારનવાર કોબા આશ્રમમાં ભક્તિ-સત્સંગ કરવા માટે આવતા હતા. છેલ્લા ઘણા વર્ષોથી શારીરિક સ્વાસ્થ્ય નબળું હોવા છતાં સમતાપૂર્વક શારીરિક પીડા સહન કરીને તેમજ પોતાની આત્મશક્તિને વધારે જાગૃત કરીને સત્સંગ-ભક્તિમાં રત રહેતા હતા. તેઓ સરળ અને કર્તવ્યનિષ્ઠ હતા. તેમના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિને નિઃસ્વાર્થભાવે મદદરૂપ થવાનો તેમનો વિશેષ ગુણ હતો. કોઈની પાસેથી કાંઈપણ અપેક્ષા વગર તેઓ હંમેશાં મદદ માટે તત્પર રહેતા હતા. તેમણે તેમના સમગ્ર પરિવારમાં ધર્મના સુસંસ્કારોનું સિંચન કરેલું છે. પૂ. આત્માનંદજીએ તેમના ઘેર મુંબઈ પ્રત્યક્ષ સત્સંગ કરાવેલો છે. સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## સંસ્થાના જિનમંદિર તથા સ્વાધ્યાયહોલમાં પ્રતિમાજીના સ્થાપના મહોત્સવ વેળાએ (તા. ૧૯-૭-૨૦૧૬)











## ગુરુપૂર્ણિમા નિમિત્તે સંસ્થામાં યોજાયેલ આધ્યાત્મિક શિબિરની તસવીરો


પૂજ્યશ્રી આત્માનંદજી


બા.બ્ર.પૂ.શ્રી ગોકુળભાઈ


પ્રતિષ્ઠાચાર્ય શ્રી પ્રદીપજી


બા.બ્ર.શ્રી સુરેશજી


આત્માર્પિત શ્રી હર્ષદભાઈ પંચાલ


દીપ-પ્રાગટ્ય વેળાએ


યોગાસન કરાવતા શ્રી દુષ્યંતભાઈ મોદી

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થામાં યોજાયેલ થાઈરોઈડ નિદાન કેમ્પ વેળાએ (તા. ૧૭-૭-૨૦૧૬)








## સંસ્થાના પ્રાંગણમાં યોજાયેલ વૃક્ષારોપણ વેળાએ (તા. ૨૦-૭-૨૦૧૬)





### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' ઓગસ્ટ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૧ **શ્રીમતી તરલાબેન તથા આદ. શ્રી દિનેશભાઈ એસ. બાવીસી પરિવાર (રાજકોટ)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' ઓગસ્ટ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૨ **સ્વ. શ્રી કમળાબેન કાંતિલાલ મહેતાની ૧૦૦મી જન્મજયંતી પ્રસંગે**

(સ્વ. શ્રી નવનીતભાઈ, શ્રી કીર્તિભાઈ, શ્રી જ્યોતિભાઈ, સ્વ. શ્રી પ્રવીણભાઈ, શ્રી બિપીનભાઈ, અ.સૌ. સુધાબેન લાખાણી, અ.સૌ. પ્રજ્ઞાબેન દોશીના માતૃશ્રી) હસ્તે : આદ. શ્રી વિરેશભાઈ નવનીતરાય મહેતા, મુંબઈ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah